SATURDAY
૧૩-૦૩-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, મહા વદ ૧૫
અંક : ૧૩૪
કુલ પાના : ૪

સત્ય માટે, સત્ય સાથે સતત..
# ચક્રવાત
રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

## કોંગ્રેસની દાંડીયાત્રા પર પોલીસ ત્રાટકી : ધાનાણી, ચાવડા સહિત ૫૦થી વધુ કાર્યકરોની અટકાયત, અનેક ઘવાયા

# ગુજરાતમાં ગાંધીના નામે ગોડસેગીરી : દાંડીયાત્રામાં હિંસા

### ભાજપની યાત્રા માટે સગવડો સાચવનાર પોલીસ તંત્રએ કોંગ્રેસીઓને યાત્રા કરતા અટકાવ્યા : શું આ છે ગાંધીનું ગુજરાત???

ગાંધીનગર,તા.૧૨

એક તરફ નરેન્દ્ર મોદીએ દાંડીયાત્રાને ફ્લેગ ઓફ કરી હતી. તો બીજી તરફ કોંગ્રેસ દ્વારા પણ દાંડીયાત્રા કાઢવા પ્રયાસ કર્યો હતો. કોંગી નેતાઓ અને કાર્યકરોને કોંગ્રેસ ઓફિસ બહારથી જ પોલીસે અટકાવવાની શરૂઆત કરી હતી. જોકે પોલીસ તેમને અટકાવી શકી ન હતી. દરમિયાન પોલીસ અને કોંગી કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. છતાં કોંગ્રેસના કાર્યકરો એલિસબ્રિજ સુધી પહોંચી ગયા હતા. તેમાં પણ કોંગ્રેસનાં પ્રગતિ આહીર તો મહિલાઓના હાથમાંથી છટકીને આગળ વધી ગયાં હતાં, જ્યારે પરેશ ધાનાણી, અમિત ચાવડા સહિત ૫૦ કાર્યકરો અને નેતાઓની અટકાયત કરાઈ હતી.

જોકે બાદમાં પોલીસે અર્જુન મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ, પરેશ ધાનાણી, અમિત ચાવડા, પૂંજાભાઈ વંશ, ડો.મનીષ દોશી, ઋત્વિક મકવાણા, રાજેશ ગોહેલ, જશુભાઈ પટેલ અને ઈમરાન ખેડાવાલાની અટકાયત કરી હતી.





આ પહેલાં સવારે કોંગ્રેસ દ્વારા ટ્રેક્ટર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસની રેલી શરૂ થાય એ પહેલાં કોંગ્રેસના નેતાઓ અને ધારાસભ્યને નજરકેદ કરી લેવામાં આવ્યા હતા. કોંગ્રેસ પક્ષની દાંડીયાત્રા પરમિશન વગર કાઢતાં કોંગ્રેસના નેતા અમિત ચાવડા, સિદ્ધાર્થ પટેલ, પરેશ ધાનાણી સહિતના કાર્યકરો અને નેતાઓની કાર્યાલય બહારથી જ અટકાયત કરવા આવી હતી.

ગુજરાત કોંગ્રેસ-પ્રમુખ અમિત ચાવડાને ગાંધીનગર એમએલએ ક્વાર્ટર ખાતે નજરકેદ કરવામાં આવ્યા છે. આ સિવાય અન્ય નેતાઓને પણ નજરકેદ રાખવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, કોંગ્રેસે ટ્રેક્ટર રેલી માટે એકઠા કરેલા ટ્રેક્ટરના ટાયરની હવા કાઢી નાખવામાં આવી. યાત્રા માટે એકઠા કરાયેલા સામાનમાં તોડફોડ કરવામાં આવી. જ્યાં ટ્રેક્ટર એકઠા કર્યાં હતાં એ પાર્ટી પ્લોટની બહાર પોલીસ ખડકી દેવાઈ છે. આમ છતાં કોંગ્રેસ દાંડીયાત્રા રૂટ પર ટ્રેક્ટર સત્યાગ્રહ કરવા મક્કમ છે. દર વરસે કોંગ્રેસ દાંડીયાત્રા કાઢતી હોવા છતા આ વખતે મંજૂરી ન અપાતાં સવાલ ઉઠાવ્યા છે. કોંગ્રેસે ટ્રેક્ટર યાત્રા કાઢવાની તૈયારી કરી હતી. જોકે તંત્રએ રાતથી જ કોંગ્રેસના આયોજન પર ઘોંસ બોલાવી હતી.

ગુજરાત કોંગ્રેસ-પ્રમુખ અમિત ચાવડાએ રાજ્યપાલને પત્ર પણ લખ્યો છે. કોંગ્રેસની દાંડીયાત્રાને સાબરમતી આશ્રમથી મંજૂરી ન મળતાં પત્ર લખ્યો છે. તેમણે મંજૂરી માટે હસ્તક્ષેપ કરવાની માગણી કરી છે. તેમના જણાવ્યા મુજબ, કોંગ્રેસના નેતાઓએ ગાંધીજીના એક આહ્વાન પર જીવ ન્યોછાવર કર્યા. ૧૯૩૦ની દાંડિયાત્રા સંઘર્ષનું સોપાન છે. વડાપ્રધાન પ્રથમવાર દાંડીયાત્રા કરી રહ્યા છે એ આવકાર્ય છે, પણ સાથે સાથે કોંગ્રેસ પક્ષને પોતાના વડવાઓએ કરેલા સંઘર્ષને સ્મરણ કરવાનો હક છે. વડાપ્રધાનના કાર્યક્રમ બાદ કોંગ્રેસ પક્ષને યાત્રાની મંજૂરી આપવા હસ્તક્ષેપ વિનંતી કરી.

## ચૂંટણી પૂરી થતા જ કોરોના વકર્યો : દેશમાં એક દિવસમાં ૨૩ હજાર કેસ નોંધાયા

### મહારાષ્ટ્રમાં, નાગપુર અને પુનામાં સ્થિતિ સૌથી વધુ ખરાબ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

ભારતમાં અત્યાર સુધીમાં ૨,૬૧,૬૪,૯૨૦ કોરોના વાયરસ વેક્સીનના ડોઝ આપવામાં આવી ચૂક્યા છે. બીજી તરફ સંક્રમણનો વ્યાપ પણ ફરી વધતો જઈ રહ્યો છે. દેશમાં ૨૪ ડિસેમ્બર, ૨૦૨૦ બાદ ફરી એકવાર સૌથી વધુ કેસ નોંધાયા છે. આ



ઉપરાંત એક્ટિવ કેસોની સંખ્યા છેલ્લા ૬ મહિનામાં સૌથી વધુ છે. સૌથી ખરાબ સ્થિતિ મહારાષ્ટ્રમાં છે જ્યાં ૨૪ કલાકમાં ૧૪ હજારથી વધુ કેસ નોંધાયા છે અને ૫૭ દર્દીઓનાં મોત થયા છે. પંજાબ અને કેરળમાં પણ સ્થિતિ વણસતી જઈ રહી છે. મહારાષ્ટ્રમાં રશિયા અને બ્રિટનથી પણ વધુ કેસ નોંધાયા છે.

## દુનિયા સામે નવી બિમારી ડિસીસ એક્સ : લાખો મોતની વ્હૂની ચેતવણી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

દુનિયા આખી હજી કોરોના વાયરસની બિમારી સામે જ ઝઝુમી રહી છે. હજી આ બિમારીનો કોઈ ચોક્કસ તોડ સામે આવ્યો નથી ત્યાં કોરોનાને પણ ટક્કર મારે એવી બિમારીનો વર્તારો સેવાઈ રહ્યો છે. વૈજ્ઞાનિકોએ એક નવા ઘાતક વાયરસની ચેતાવણી આપી છે, જે માણસ માટે જીવલેણ સાબિત થઈ શકે છે અને કોરોનાથી પણ વધુ ઝડપથી ફેલાનાર છે. આ બિમારીનું નામ છે ડિસીસ એક્સ. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આ બિમારી ઈબોલા વાયરસની માફક ઘાતક સાબિત થઈ શકે છે. હુંનું અનુમાન છે કે દર વર્ષે આ બિમારીના લીધે લગભગ એક અરબ કેસ સામે આવી શકે છે અને લાખો લોકોના મોત થઈ શકે છે. હેલ્મહોલ્ટ્ઝ-સેંટરના ડો. જોસેફ સેટલએ ધ સન ઓનલાઈનને જણાવ્યું હતું કે, જાનવરોની કોઈ પણ પ્રજાતિ આ બિમારીનો સ્ત્રોત હોઈ શકે છે. જ્યાં ઉંદર અને ચામાચિડિયા જેવી વધુ પ્રજાતિઓ હોય ત્યાં આ બિમારી ફેલાવવાની શક્યતા વધારે છે. તેમણે કહ્યું હતું કે, આ પ્રજાતિઓના અનુકૂળ ક્ષમતા પર નિર્ભર કરે છે.

## હવે AICTEના વિદ્યાર્થીઓ ૧૧-૧૨માં મેથ્સ-ફિઝીક્સ વિના પણ એન્જિનીયરિંગમાં પ્રવેશ મેળવી શકશે

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશનએ જાહેરાત કરતા જણાવ્યું છે કે હવે ધોરણ ૧૨માં મેથ્સ અને ફિઝિક્સ નહિ હોય તો પણ એન્જીનીયરીંગના પ્રવેશ મળી શકશે. એઆઈસીટીઈના આ નિર્ણયને વિવાદાસ્પદ નિર્ણય તરીકે ગણવામાં આવી રહ્યો છે. તેના લીધે દેશમાં બહાર આવતા એન્જીનીયર્સ પર ચોક્કસ આડ અસર ઉભી થશે. અત્યાર સુધીમાં, ધોરણ ૧૨માં મેથ્સ અને ફિઝિક્સ વિષયો એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજીના અન્ડર ગ્રજ્યુએટ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા માટે ફરજીયાત રાખવામાં આવતા હતા.

નવા સુધારા મુજબ, હવે વિદ્યાર્થીએ ધોરણ ૧૦+૨માં ફિઝિક્સ/ મેથેમેટિક્સ/કેમિસ્ટ્રી/કોમ્પ્યુટર સાયન્સ/ ઈલેક્ટ્રોનિક્સ/ઈન્ફોર્મેશન ટેક્નોલોજી/ બાયોલોજી/ઈન્ફોર્મેટિક્સ પ્રેક્ટિસીસ/ બાયોટેક્નોલોજી/ટેક્નિકલ વોકેશનલ સબ્જેક્ટ/એગ્રિકલચર/એન્જીનીયરીંગ ગ્રાફિક્સ/ બિઝનેસ સ્ટડીઝ/ આંત્રપ્રિન્યોરશિપ વગેરે વિષયોમાંથી કોઈપણ ત્રણ વિષયોમાં પાસ થવું ફરજીયાત છે. વિદ્યાર્થીએ ઉપરોક્ત વિષયોમાં કુલ ૪૫% ગુણ (અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૪૦% ગુણ) મેળવવા ફરજીયાત છે. એઆઈસીટીઈએ પોતાની હેન્ડબુકમાં જણાવ્યું છે કે "જુદા જુદા બેકગ્રાઉન્ડ માંથી આવતા વિદ્યાર્થીઓને પ્રોગ્રામમાં પરિણામો મેળવવા માટે જુદી જુદી યુનિવર્સીટીઝ મેથેમેટિક્સ, ફિઝિક્સ, એન્જીનીયરીંગના જુદા જુદા બ્રિજ કોર્સ આપી શકશે.




## ૨૦૨૨ સુધી કોરોના પહેલાના સ્તરે ઈકોનોમી પહેલાના સ્તરે લાવવી મુશ્કેલ : મૂડીઝ રિપોર્ટ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે કોરોના પછી વૈશ્વિક ઈકોનોમીની સ્થિતિ અંગે આગાહી કરતા કહ્યું હતું કે, ૨૦૨૨ સુધીમાં મોટાભાગની ઈકોનોમી કોરોના પહેલાંના સ્તરે આવી શકશે નહીં. કોરોનાને કારણે વેપાર ધંધા-ઉદ્યોગોને આપવામાં આવનાર લોન અને ધિરાણમાં આવેલો ઘટાડો અલ્પજીવી છે પણ મોટાભાગની ઈકોનોમી ૨૦૨૨ સુધી કોરોના પહેલાંના સ્તરે આવી શકશે નહીં. હું એ ૧૧ માર્ચ ૨૦૨૦નાં રોજ કોરોનાને મહામારી જાહેર કરી તે પછી વૈશ્વિક ઈકોનોમીનો ગ્રોથ ખોરવાઈ ગયો છે અને લોન અને ધિરાણમાં ઘટાડો થયો છે. મૂડીઝે તેનાં રિપોર્ટમાં જણાવ્યું હતું કે, ગ્લોબલ રિકવરી ધીમી અને અસ્થિર રહેશે. મેક્રોઈકોનોમિક આઉટલૂકમાં અસ્થિરતા વધારે રહેશે.

વેક્સિનેશનનું પ્રમાણ વધવાની સાથે કોરોનાના સંક્રમણમાં તબક્કાવાર ઘટાડો થતો રહેશે. પરિણામે સરકાર દ્વારા તબક્કાવાર લોકડાઉન હટાવવામાં આવશે. જો કે વાઈરસનાં નવા સ્ટ્રેઈન ચિંતા જન્માવનારા છે પણ આપણે ઓછા કેસ સાથે વાઈરસ સાથે જીવવાનું શીખી લેવું પડશે. મૂડીઝે નોંધ્યું હતું કે કેટલાક દેશોમાં શરૂ કરવામાં આવેલી વેક્સિનેશન ઝુંબેશ ગ્લોબલ ઈકોનોમી માટે રાહતરૂપ પુરવાર થશે નહીં. કેટલાક દેશોમાં વેક્સિનેશનની કામગીરી ઘણી ધીમી છે તેથી સ્થાનિક સ્તરે સંક્રમણ વધી શકે છે. દરેક દેશ કોરોનાને કાબૂમાં રાખવા કેવા પગલાં લે છે અને કેટલો સફળ રહે છે તે ઉપરાંત દરેક દેશમાં નવી રોજગારીનું કેવી રીતે અને કેટલું સર્જન થાય છે તેનાં પર જીડીપી ગ્રોથનો આધાર છે. અસ્થિર પણ ધીમી રિકવરી વધતા લોન અને ધિરાણ પરનાં જોખમો ઘટયા છે.

## બંગાળના દરેક જિલ્લામાં બોમ્બ ફેક્ટરી હોવાનો આરટીઆઈમાં ખુલાસો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

અમિત શાહે મમતા બેનરજી સરકારને નિષ્ફળ ગણાવવા કહેલી વાત તેમને જ ભારે પડી રહી છે. શાહે ઓક્ટોબરમાં એક ટીવી ઈન્ટરવ્યૂમાં દાવો કર્યો હતો કે, મમતા બેનરજીના શાસનમાં બંગાળ બરબાદ થઈ ગયું છે અને કાયદો-વ્યવસ્થા છે જ નહીં, દરેક જિલ્લામાં બોમ્બ બનાવવાની ફેક્ટરી છે. શાહના આ દાવા પછી આરટીઆઈ એક્ટ હેઠળ અરજી કરીને બંગાળમાં બોમ્બ બનાવવાની કેટલી ફેક્ટરીઓ છે તેની માહિતી ગૃહ મંત્રાલય પાસે માગવામાં આવી હતી. ગહ મંત્રાલયે જવાબ આપ્યો છે કે તેની પાસે બંગાળની બોમ્બ ફેક્ટરીઓ અંગે કોઈ માહિતી નથી. ગૃહ મંત્રાલયે આ માહિતી માટે બંગાળ પોલીસનો સંપર્ક કરવા સલાહ આપી છે.

## ગાઝીયાબાદ ફેક્ટરીમાં આગ : ૧૪ દાઝ્યા



(જી.એન.એસ.)ગાઝિયાબાદ,તા.૧૨

ગાઝિયાબાદના સાહિદાબાદમાં આવેલી એક ફેક્ટરીમાં ભીષણ આગની ઘટના બની છે. અહેવાલો મુજબ આગ પોલીસ સ્ટેશન રોડના ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા ૧૨/૭૧ ફેક્ટરીમાં લાગી છે, જ્યાં મેડીકલ (તબીબી) સાધનો બનાવવામાં આવતા હતા. આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી હતી અને આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. આગને કાબૂમાં લેવા વૈશાલી ફાયર સ્ટેશન સહીત અન્ય ફાયર સ્ટેશનની પણ મદદ લેવામાં આવી હતી. આગની આ ઘટનામાં ૧૪ લોકો દાઝી ગયા હોવાનું જાણવા મળ્યું છે, જેમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. ગાઝિયાબાદના એસએસપી કલાનિધિ નૈથાનીએ કહ્યું કે, '૧૪ લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી અને તે અંગેના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

## રાજસ્થાન, એમપી સહિત દેશના સાત રાજ્યોમાં આજે માવઠાંની આગાહી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૨

માર્ચ મહિનામાં સમગ્ર દેશમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. ઝારખંડમાં કરા સાથે વરસાદ પડવાની સાથે રાજસ્થાન, મધ્યપ્રદેશમાં પણ કમોસમી વરસાદ પડ્યો હતો, જેનાથી તાપમાનમાં ઘટાડો થયો છે. ૧૪ અને ૧૫ માર્ચના રોજ કાશ્મીર, લદાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશમાં વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે શનિવારે ઉત્તરાખંડ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં કરા સાથે વરસાદ પડશે. આ રાજ્યોમાં ઓરેન્જ અલર્ટ અપાયું છે, જ્યારે કાશ્મીર, લદાખ અને પંજાબમાં યેલો અલર્ટ અપાયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ અને બિહારના ઘણા વિસ્તારમાં કરા પડશે. ઝારખંડમાં ઘણા વિસ્તારોમાં ગુરુવાર સાંજે ભારે વરસાદ પડ્યો હતો. લોકોને ગરમીમાં રાહત મળી હતી. અહીં મેક્સિમમ તાપમાન ૩૩ ડીગ્રી નોંધાયું હતું. હવામન વિભાગે શુક્રવારે પણ કરા સાથે વરસાદ પડવાની આગાહી કરી છે. રાજસ્થાનના કોટામાં ગુરુવારે ત્રણવાર વાતાવરણ બદલાયું. બપોર સુધી તડકો હતો, બપોર પછી વાદળા આવ્યાં અને સાંજે ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. શનિવારે વાદળાં વિખેરાઈ જશે અને વાતાવરણ સાફ થઈ જશે.

# ઊનાના સૈયદ રાજપરામાં સિંહના મુખમાંથી ઘેટાને બચાવવા જતાં માલધારી ખાબક્તા ઈજા પહોચી



ચક્રવાત ટીમ ઉના, તા.૧૨

ઉનાની એક તરફ જંગલ અને બીજી તરફ દરીયા કિનારો આવેલ હોય ત્યારે હવે ગીરનું જંગલ સિંહ માટે પડતુ હોય તેમ સિંહનો વસવાટ દરીયા કિનારે જોવા મળતો હોય તેમ આજે બપોરના સમયે સૈયદ રાજપરામાં ધેટા બકરા માલધારી ચરાવતો હોય અને સિંહનો હુમલાથી ધેટાને બચાવવા જતા માલધારી ખાબક્તા હાથ પગમાં ઈજા પોહચતા સારવાર અર્થે હોસ્પીટલમાં ખસેડેલ છે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ દરીયા કાંઠા વિસ્તારમાં આવેલ સૈયદ રાજપરા ગામના તલાવડી વિસ્તારમાં માલધારી અજરણભાઈ જેઠાભાઈ બપોરના ૧.૩૦ વાગ્યાની આસપાસ ધેટા બકરા ચરાવતો હોય અચાનક સિંહ આવી ચડતા ધેટા બકરા પર હુમલો કરતા બે ધેટાના મોત નિપજ્યા હતા. જ્યારે સિંહ વધુ ધેટા પર હુમલો કરે તે પહેલા અરજણભાઈ હાકલા પડકારા કરવા લાગેલ અને માલધારી સિંહ સામે દોટ મુકતા ખાબક્તા અરજણભાઈને હાથ પગમાં ઈજા પોહચેલ તેમ છતાં તેમના હાથમાં રહેલી સિંહ નાશી ગયો હતો. જ્યારે ઈજાગ્રસ્ત હાલતમાં માલધારી અરજણભાઈને ઉના સરકારી હોસ્પીટલે સારવાર અર્થે લાવવામાં આવતા ફરજ પરના તબીબે હાથ પગમાં ફેક્ચર હોવાનું જણાવેલ ધટનાની જાણ વનવિભાગને થતાં વનવિભાગનો સ્ટાફ પણ હોસ્પીટલે દોડી ગયેલ હતો. આમ હવે સિંહે પોતાનું રહેઠાંણ દરીયા કિનારે કર્યુ હોય તેમ સૈયદરાજપરા વિસ્તારમાં અવાર નવાર સિંહ દર્શનનો લાભ લોકોને મળી રહે છે.

# વર્લ્ડ ટેલેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી.પરમાર પ્રેરણાદાયી વ્યક્તિત્વ એવોર્ડથી સન્માનિત



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૨

વર્લ્ડ ટેલેન્ટ ઓર્ગેનાઈઝેશન અમેરિકા સ્થિત આંતરરાષ્ટ્રીય સંગઠન છે.જે આંતરરાષ્ટ્રીય કક્ષાએ એવા લોકો અને સંસ્થાઓને પ્રોત્સાહન આપે છે અને તેમના કામની કદર કરે છે.જે લોકો અથવા સામાજિક સંસ્થાઓ સામાજિક, શૈક્ષણિક તેમજ પરોપકારી કર્યો કરી, પોતાના ક્ષેત્ર માં ગણના પાત્ર કામગીરી બજાવી દેશ અને દુનિયાની પ્રગતિ માં ફાળો આપે છે.

જીવણભાઈ દેસાભાઈ પરમારે ૧૯૭૫ થી શ્રી સોમનાથ ટ્રસ્ટ ના ટ્રસ્ટી તરીકે ૪૫ વર્ષ સેવા આપી છે. ઉપરાંત પોતાનું જીવન સોમનાથ દાદાને સમર્પિત કર્યું છે. આ તકે શિવરાત્રી ના દિવસે રામ મંદિર ઓડિટોરિયમ હોલ ખાતે ખાસ પ્રોગ્રામ નું આયોજન કરી ઉં દ્વારા તેમને પ્રેરણાદાયી વ્યક્તિત્વ તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ભગવાન સોમનાથ ના જીર્ણ મંદિરના પુનરુદ્ધાર માટે સંકલ્પબદ્ધ ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલને કનૈયાલાલ મુનશી, દિગ્વિજયસિંહ જામ સાહેબ, મોરારજીભાઈ દેસાઈ, કેશુભાઈ પટેલ વગેરે એ માનદસેવા સોમનાથ મંદિર નું પુનઃનિર્માણ પ્રભાસ ના તીર્થ ક્ષેત્રનો પુનરુદ્ધાર ,હરિહર ના શાશ્વત ધામનો વગેરે જેવા કાર્યો કર્યા છે.જે તમામ ધાર્મિક સ્થાનો માટે પ્રેરણા રૂપ બન્યા છે.તે ગણના પાત્ર વિકાસને ધ્યાનમાં રાખી શ્રી સોમનાથ ટ્રસ્ટને છસ્છઢૈંદ્વ્ ઈન્ઈદ્ભ વિસ્મયકારક પ્રકૃ તિદત્ત સૂઝ માટે એવોર્ડ એનાયત કરેલ છે.જે ટ્રસ્ટ ના ટ્રસ્ટી પી.કે.લહેરી દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો.

# ઊનામાં કારમાં પશુઓની હેરાફેરી કરતો શખ્સ કાર મુકી ફરાર



ચક્રવાત ટીમ ઉના, તા.૧૨

ઉનામાં મુંગાપશુઓને કારમાં ગે.કા. રીતે હેરાફેરી કરતા હોવાની બાતમી આધારે પોલીસે વોચ ગોઠવી કારનો પીછો કરતા કાર ચાલક કાર છોડી નાશી ગયેલ હોય અને કારમાં તલાસી લેતા પાછળની સીટમાં વાછરડુ રાખેલ હોય પોલીસે કાર ચાલકને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરેલ છે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ રજાકબાપુ મદમદસાજીદ સીરાજી રહે. સંધીવાડા, કોર્ટ વિસ્તારમાં રહેતો હોય અને આ શખ્સો કાર નં.એમ એચ ૦૫ એચ ૯૭૬૬ માં મંગાપશુની હેરાફેરી કરતો હોય જેની બાતમી આધારે પોલીસે વડલા ચોકી પાસે વોચ ગોઠવી હતી. અને કાર આવતા નદી તરફ ચાલી જતાં તેનો પીછો કરેલ એ દરમ્યાન મચ્છુન્દ્રી નદીમાં આવેલ પાણીના કુવા પાસે ખુલ્લા પટમાં કાર ચાલક શખ્સ કાર મુકી નાશી છુટ્યો હતો. અને પોલીસે કારની અંદર તલાસી લેતા કારના પાછળની સીટ પર એક વાછરડુ મળી આવેલ અને કારમાં આગળના ભાગે તપાસ કરતા રજાકબાપુ મદમદસાજીદ સીરાજીનું આધાર કાર્ડ તેમજ મોબાઈલ મળી આવતા તેના આધારે શખ્સ વિરૂધ્ધ પોલીસે ફરીયાદ નોધાવી તપાસ હાથ ધરેલ છે.

# વાંકાનેર તાલુકાના જોધપર ગામે કેનાલ પાસે પાંચ જુગારીઓ ઝડપાયા

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૨

વાંકાનેર તાલુકાનાં જોધપર ગામની સીમમાંથી પસાર થતી પાણીની કેનાલ પાસે કોઈ શખ્સો જુગાર રમતા હોવાની ચોક્કસ ખાનગી બાતમીના આધારે વાંકાનેર પોલીસ દ્વારા સ્થળ પર જુગારની રેડ પાંચ શખ્સોની રોકડ રકમ રૂ. ૧૦,૧૫૦ સહિત કુલ રૂ. ૬૦,૧૫૦ ના મુદામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ રેડ દરમિયાન જુગાર રમતા અન્ય ત્રણ શખ્સો ફરાર થઈ જતાં તેમની સામે પણ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાનાં જોધપર ગામની સીમમાં પાણીની કેનાલ પાસે કોઈ શખ્સો જુગાર રમતા હોવાની બાતમીના આધારે સ્થળ પર જુગારની રેડ કરવામાં આવી હતી ત્યારે જુગારીઓમાં નાશભાગ મચી ગઈ હતી અને જુગાર રમતા આઠમાથી ત્રણ જુગારી ભાગી ગયા હતા. આ રેડ દરમિયાન પોલીસ દ્વારા સ્થળ પરથી મનોજ ઉર્ફે નદી ભાણજીભાઈ ટમારીયા જાતે ભરવાડ (ઉ.વ. ૩૨), અશ્વીનભાઈ ઉર્ફે અશોકભાઈ નાથાભાઈ જોગરાજીયા (ઉ.વ. ૩૫), સીંકદર ઉર્ફે સીકો અબ્દુલઅજીજ ખાન (ઉ.વ. ૩૬), દિનેશ પ્રેમજીભાઈ રોજાસરા, (ઉ.વ. ૩૨) અને સંજય ખીમજીભાઈ સરવૈયા (ઉ.વ. ૨૯) સહિત પાંચ આરોપીઓની રોકડ રકમ રૂ. ૧૦,૧૫૦ સહિત કુલ ૬૦,૧૫૦ના મુદામાલ સાથે ધરપકડ કરી હતી. આ સાથે જ આ રેડ દરમ્યાન નાશી ગયેલા રણછોડ મેહુલ મુંધવા (રહે.નવા ધમલપર), રાઘવ ભરત મકવાણા (રહે.ભાટીયા સોસાયટી) અને જયંતિ નરશી પાડલીયા (રહે. હોલમઢ) સામે પણ ગુનો નોંધી તેને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ગાંધી જન્મભૂમિ પોરબંદરમાં આઝાદીના અમૃત મહોત્સવની શાનદાર ઉજવણી



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૨

આઝાદી કા અમૃત મહોત્સવની રાષ્ટ્રવ્યાપી ઉજવણી અંતર્ગત રાષ્ટ્રપિતા ગાંધીજીના જન્મ સ્થળ પોરબંદરના ચોપાટી ગ્રાઉન્ડ ખાતે કૃષિમંત્રી આર.સી.ફળદુના અધ્યક્ષ સ્થાને જિલ્લાકક્ષાનો ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો.

મંત્રી આર.સી.ફળદુએ તથા પોરબંદર ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયાએ વહેલી સવારે કીર્તિમંદિરે પૂજ્ય બાપુને અને કસ્તુરબાને પુષ્પાંજલિ અર્પણ કરીને કીર્તિમંદિરથી ચોપાટી ગ્રાઉન્ડ સુધીની પદયાત્રા તથા સાયકલ યાત્રાને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવી હતી. તથા ચોપાટી ગ્રાઉન્ડ ખાતે વિશાળ જનમેદનીને સંબોધી હતી.

આ તકે આર.સી.ફળદુએ કહ્યુ કે, સમગ્ર દેશ જ્યારે અંગ્રેજોની ગુલામી હેઠળ હતો. ત્યારે પોરબંદરની આ પાવન ભૂમિ પર જન્મેલા મહામાનવ મહાત્મા ગાંધીએ દાંડી ખાતે એક ચપટી મીઠું ઉપાડીને અંગ્રેજ સરકારના અહંકારને લુણો લગાડયો હતો. બ્રીટીશ શાસનના પાયામાં લુણો લગાડીને મહાત્મા ગાંધીએ દેશની આઝાદી માટે લાંબી લડત કરી હતી. મંત્રીએ સ્વાતંત્ર્ય સંગ્રામના શહિદોને શ્રધ્ધાસુમન અર્પણ કરી જણાવ્યુ હતુ કે, આ ચળવળ આપણને દેશની પ્રગતિ અને દેશ માટે કંઈક કરી છુટવાની ભાવનાને બળ આપે છે. મંત્રીએ કહ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સાબરમતી આશ્રમ ખાતે આઝાદીના ૭૫માં વર્ષની અમૃત મહોત્સવ ઉજવણીનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે ૧૯૩૦ની દાંડીયાત્રાની સ્મૃતિમાં પણ દાંડી યાત્રા નિકળી રહી છે ત્યારે આ અવસર દેશ પ્રેમ અને દેશની ઉન્નતી માટે યાદગાર રહેશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈના ભારતને વિશ્વગુરૂ બનાવવા અભિયાનમાં આપણે સૌ સહભાગી બનીએ તેમ વધુમાં ઉમેર્યુ હતું.

# વાંકાનેરની શ્રી કે. કે. શાહ વિદ્યાલય દ્વારા દાંડીયાત્રા દિવસ નિમિત્તે દાંડીકૂચ યોજાઈ



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૨

દેશને આઝાદી અપાવવા માટે જેનો અમુલ્ય ફાળો રહ્યો છે તેવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી દ્વારા દેશના નાગરિકોમાં આઝાદી માટેની જ્યોત જલાવવા ૧૨ મી માર્ચ, ૧૯૩૦ના રોજ મીઠાના કાનુનનો ભંગ કરવા માટે દાંડીયાત્રા યોજી હતી જેની યાદમાં આજે વાંકાનેરની શ્રી કે. કે. શાહ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા દાંડીયાત્રા યોજાઈ હતી.

વાંકાનેરની શ્રી કે. કે. શાહ વિદ્યાલય દ્વારા દેશના યુવાનોને દાંડીયાત્રા વિષે માહિતગાર કરવા અને યુવાનોમાં દેશદાઝ પ્રગટાવવાના ઉમદા હેતુથી આજે ૧૨માર્ચનાં રોજ દાંડીકૂચનો કાર્યક્રમ યોજાયો હતો. આ યાત્રામાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, મહાદેવભાઈ દેસાઈ સહિતના દાંડીયાત્રાના સ્વાતંત્ર્ય સેનાનીઓના વેશ ધારણ કર્યો હતા. કાર્યક્રમની શરૂઆતમાં સૌપ્રથમ રામધુન ત્યાર બાદ ગાંધીજીએ દાંડીકૂચ વિશે સમજાવ્યું હતું અને ત્યાર પછી વિદ્યાર્થીઓની દાંડીકૂચ વાંકાનેર નગરમાં નીકળી હતી અને આઝાદી કૂચમાં જોડાયેલા તમામ વિદ્યાર્થીઓએ પ્લાસ્ટિક હટાવો, ધરતી બચાવો ધ્યાનમાં રાખી મુખ્ય રસ્તા ઉપર પ્લાસ્ટિક ભેગું કરી અને નગરજનોને સ્વચ્છતાનો સંદેશો પાઠવ્યો હતો. આ સાથે જ દાંડીયાત્રામાં સ્વદેશી વાપરો, દેશ બચાવો વગેરે જેવા સુત્રો બોલ્યા હતા. યાત્રાના અંતે વિદ્યાર્થીઓએ સંકલ્પ કર્યો હતો કે પોતે ખાદી અપનાવશે, પોતાના ઘરની આજુબાજુમાં સ્વચ્છતા જાળવશે તેમજ સ્વદેશી વસ્તુ વાપરવાનો આગ્રહ રાખશે.

# અંબાજી ખાતે અંબાજી પોલીસ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી પકડાયેલ દારૂનો નાશ કરાયો



ચક્રવાત ટીમ અંબાજી, તા.૧૨

શક્તિપીઠ અંબાજી ખાતે અંબાજીના આસપાસના વિસ્તારમાં થી પકડાયેલ અંદાજિત ૪૪ લાખ ૧૬૦૦૦ હજાર જેટલા નો દારૂ અંબાજી પોલીસ દ્વારા માંગલ્યવન ની બાજુમાં ખાલી પ્લોટ માં નાશ કરવામાં આવ્યો હતો વાત કરવામાં આવી કે અંબાજી આસપાસ બે આંતરરાજ્ય બોર્ડર આવેલી છે જ્યારે રાજસ્થાનમાંથી ગુજરાતમાં અવાર-નવાર દારૂ ની ઘુસણખોરી કરાવાના પ્રયત્નો કરાતા હોય છે ત્યારે ગેરકાયદેસર દારૂ ની ઘૂસણખોરી કરાવતા બૂટલેગરો સામે અંબાજી પોલીસ લાલા આંખ કરતી હોય છે ત્યારે આજે છેલ્લા પાંચ વર્ષથી જે અંબાજી પોલીસ દ્વારા દારૂ પકડેલ હતો તેને પ્રશાંત જિલોવા અને ડી.વાય.એસ.પી પંડ્યા સાહેબની ઉપસ્થિતિમાં આ દારૂનો નાશ કરવામાં આવ્યો હતો અંબાજી માંગલ્ય વન બાજુમાં ખાલી પ્લોટમાં દારૂ ખાલી કરી અને જી.સી.બી અને રોડ રોલર વડે દારૂનો નાશ કરવામાં આવ્યો હતો જ્યારે વાત કરવામાં આવે કે અંબાજી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત હેઠળ અંદાજિત ૪૪ લાખ ૧૬૦૦૦ હજાર આસપાસનો દારૂ ના જથ્થા નો નાશ કરવામાં આવ્યો હતો જ્યારે મેજિસ્ટ્રેટ પણ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રશાંત જીલોવા એ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે હું જનતા ને અપીલ કરું છું કે દારૂ જેવી વસ્તુઓથી દૂર રહેવું અને આપણું ગુજરાત વ્યસનમુક્ત ગુજરાત બને તેવી હું જનતા ને અપીલ કરું છું.

# JCI જેતપુર દ્વારા 'સેલ્યુટ ટુ સાઈલેન્ટ વર્કર' એવોર્ડથી હોમગાર્ડ, ટ્રાફિક બ્રિગેડ અને પોલીસ કર્મચારીઓનું સન્માન




ચક્રવાત ટીમ જેતપુર, તા.૧૨

JCI જેતપુર દ્વારા કોરોના કાળમાં પણ પોતાની બિનચુક ફરજ બજાવતા પોલીસ, હોમગાર્ડ અને ટ્રાફિક બ્રિગેડના જવાનોનું 'સેલ્યુટ ટુ સાઈલેન્ટ વર્કર' એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. જેતપુર શહેર તથા તાલુકાની આજુબાજુની જનતા માટે છેલ્લા ૫૦ વર્ષથી કાર્યરત તથા હરહંમેશ માટે અવનવા પ્રોજેક્ટ પ્રોગ્રામની હારમાળા સર્જનાર JCI-JETPUR સંસ્થા દ્વારા 'સેલ્યુટ ટુ સાઈલેન્ટ વર્કર'નો પ્રોજેક્ટ જેતપુર સીટી પોલીસ સ્ટેશન ખાતે યોજવામાં આવેલ હતો.

જેતપુરના હોમગાર્ડ યુનિટમાં ફરજ બજાવતા કોરોના વૉરિયર અ જીતેન્દ્રભાઈ રાઠોડનું જેતપુર સીટી પોલીસના પી.આઈ. કરમુર સાહેબ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું જેમાં હોમગાર્ડ જવાન જીતેન્દ્રભાઈ રાઠોડ ને પી.આઈ. કરમુર સાહેબના માધ્યમથી 'સેલ્યુટ ટુ સાઈલેન્ટ વર્કર'નો એવોર્ડ આપી નવાજવામાં આવેલા હતા.

કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં પણ દીન રાત જોયા વગર જેને અવીરત કામગીરી બજાવેલ તેવા હોમગાર્ડ, ટ્રાફીક બ્રિગેડ અને પોલીસ કર્મચારીઓને JCI જેતપુર દ્વારા 'સેલ્યુટ ટુ સાઈલેન્ટ' વર્કરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ને સફળતાપૂર્વક પાર પાડવા માટે JCI જેતપુર સંસ્થાના પ્રમુખ જેસી.તુષાર સુવાગીયા તથા આ પ્રોજેક્ટના પ્રોજેક્ટ ચેરમેન તરીકે જેસી. શશીકાંત અગ્રાવત તથા અન્ય જેસી મેમ્બરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ એવી સેક્રેટરી જેસી. આશુતોષ જોષીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# વાંકાનેરમાં નિષ્ણાત તબીબો દ્વારા રવિવારે કોરોના સહિતના રોગો વિષે માર્ગદર્શન

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૨

કોરોનાકાળની શરૂઆતમાં લોકો કોરોના વાયરસ અંગે મૂંઝવણ અનુભવતા હતા. ત્યારે સ્વ ડો. મનુભાઈ કોઠારી (સર્જન) અને ડો. બી. એમ. હેગડે (ફિઝિશિયન & કાર્ડીયોલોજીસ), આ બંને ડોક્ટરોએ આપેલા પ્રવચનો અને પુસ્તકોની માહિતી અને ડોકટરોના અનુભવો સૌના સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે. આ વિષય પર બંને નિષ્ણાતોના વિડીયો અને અનુભવોની વાત ગુજરાતના વિખ્યાત ડોક્ટરો સમક્ષ રજુ કરશે. જેમાં ડો. નીરવ શાહ (એમ.ડી.હોમિયોપેથ.-રાજકોટ), ડો. ઝાકીર હુસેનભાઈ માથકીયા (ફેમિલી ફિઝિશિયન-વાંકાનેર), ડો. તીવારી (આયુર્વેદાચાર્ય-પુના) અને ડો. નેહલ અનદાણી (હોમિયોપેથ -વાંકાનેર) નાગરિકોને માર્ગદર્શન આપશે.

આ કાર્યક્રમનું આયોજન સ્વ. જીવતીબેન સવજીભાઈ પડસુંબિયાના સ્મર્ણાર્થે રજનીભાઈ સવજીભાઈ પડસુંબિયા તથા ગાયત્રી શક્તિપીઠના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલ છે. તેમજ ડો. મનુભાઈ કોઠારીનાં કેન્સર અને હૃદય રોગ વિશેનાં વિખ્યાત પુસ્તકો સ્વ. જીવતીબેન પડસુંબિયાનાં સ્મરણાર્થે ડો. નીરવ શાહ ની પ્રેરણાથી ૫૦% રાહત દરે આપવામાં આવશે. આ કાર્યક્રમમાં પ્રવેશ નિઃશુલ્ક છે, પણ આગોતરું રજીસ્ટ્રેશન જરૂરી છે. રજીસ્ટ્રેશન માટે રજનીભાઈ પડસુંબિયા:- ૯૮૯૮૮ ૯૪૯૪૧, ડો. માથકીયા :- ૯૮૨૫૬ ૨૧૬૦૪, અશ્વિનભાઈ રાવલ :- ૯૪૨૮૨ ૯૭૯૭૮ અને ડો. નેહલબેન અનદાણી :- ૯૨૬૫૭ ૬૬૫૬૮નો સંપર્ક કરી શકાશે. આ કાર્યક્રમ ગાયત્રી શક્તિપીઠ, વાંકાનેર ખાતે તારીખ ૧૪/૦૩/૨૦૨૧ને રવિવારના રોજ બપોરે ૩ થી ૬ કલાકે યોજાશે. આ કાર્યકમમાં માસ્ક પહેરીને આવવું ફરજીયાત છે. સેનિટાઈઝેશનની વ્યવસ્થા સ્થળ પર રાખેલ છે તથા સોશિયલ ડિસ્ટન્સ જાળવીને બેઠક વ્યવસ્થા ગોઠવેલ હોવાથી મર્યાદિત બેઠકો જ ઉપલબ્ધ હોઈને આગોતરું રજીસ્ટ્રેશન જરૂરી છે.

# વેરાવળ પાલિકાના પૂર્વ ઉપપ્રમુખ અને ભાજપ અગ્રણી ને ચેક રિટર્ન કેસમાં સજા



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૨

પ્રાપ્ત વિગતો મુજબ વેરાવળ પાલિકા ના પૂર્વ ઉપપ્રમુખ અને ભાજપ અગ્રણી કિશોર સામાણી ને ચેક રિટર્ન કેસ માં સેસન્સ કોર્ટે ફટકારી સજા. બે જુદા જુદા કેસ માં કોર્ટે કુલ બે વર્ષ અને ચાર લાખ ના દંડ ની ફટકારી સજા.

વર્ષ ૨૦૧૭ માં નીચલી કોર્ટે ફટકારી હતી સજા. સેસન્સ કોર્ટ માં અપીલ ચાલી જતા સેસન્સ કોર્ટે પણ ફટકારી સજા. વર્ષ ૨૦૧૦ માં વેરાવળ ના વેપારી જનક સોમૈયા પાસે થી હાથ ઉછી ના નાણાં લઈ કરી હતી છેતરપીંડી. આરોપી સરકારી ક્ષાર અંકુશ વિભાગ ના ડે. એન્જી. રવી સામાણી ના પિતા. આરોપી કિશોર સામાણી નગરપાલિકા માં શાશન દરમિયાન પણ અનેક ભ્રષ્ટાચાર અને વિવાદો ને લઈમાં ચર્ચા માં રહેલ.

ભાજપના જિલ્લાના અને હાલ પ્રદેશ ના આગેવાન ના આરોપી કિશોર સામાણી પર આશીર્વાદ ના કારણે સતા ના મદ માં રાચતો.. ચાર લાખ રુપિયા પરત ન આપતા જનકભાઈ સોમૈયા દ્વારા નેગોશિયેબલ ઈન્સ્ટુમેંટ એકટ મુજબ કેસ કરેલ. આ કેસ વેરાવળના મહે. ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ ચોયથાણીસાહેબ ની કોર્ટ મા ચાલી જતા ન્યાયાધીશ સાહેબ દ્વારા કિશોર સામાણીને બન્ને ફોજદારી કેસમા ગુનેગાર ઠરાવી બન્ને કેસમાં અનુક્રમે એક કેસમા ત્રણ લાખ રૂપિયા નો દંડ અને એક વર્ષ ની સજા તથા બીજા કેસમા એક લાખ નો દંડ અને એક વર્ષ ની સજા અને દંડ ના ભરે તો ત્રણ માસની વધારાની સજાનો હુકમ ફરમાવવામાં આવેલ.

આરોપીને જેલ વોરંટ ભરી કસ્ટડીમાં લીધેલ અને જેલ હવાલે કરવામા આવેલ છે. એડવોકેટ તરીકે રીતેષભાઈ પંડ્યા, તેજસભાઈ પંડ્યા તથા તેની ટીમ રોકાયેલ હતા તેમજ આરોપીના વકીલ તરીકે રાજેશભાઈ બુચ રોકાયેલ હતા.

# આજનું બાળક આવતીકાલના નવા ભારતની ઈમારતનો પાયો છે : સાંસદ નારણભાઈ કાછડીયા




ચક્રવાત ટીમ અમરેલી, તા.૧૨

ભારત દેશની આઝાદીના ૭૫મી વર્ષગાંઠ નિમિતે આજથી શરૂ થનારા 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે અમરેલીના દિલીપ સંઘાણી હોલ ખાતે સાંસદ શ્રી નારણભાઈ કાછડિયાની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો હતો.

સાંસદએ જણાવ્યું હતું કે કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી અને ઓખાથી લઈને અરુણાચલ સુધી તમામ ભારતીયોની નજર ગુજરાત પર છે. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાબરમતીના તટેથી દાંડી યાત્રા યોજી ભારતની આઝાદીના ૭૫ વર્ષના મહોત્સવનો પ્રારંભ કરી રહ્યા છે એ આપણા બધા માટે ગૌરવની વાત છે.

પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. અટલજીને યાદ કરતા સાંસદશ્રીએ જણાવ્યું હતુ કે અટલજીના શબ્દો છે કે ભારત કોઈ જમીનનો ટુકડો નથી ભારત એક જીવતો જાગતો રાષ્ટ્રપુરુષ છે. એ જીવતા જાગતા રાષ્ટ્રપુરુષ સમા આપણા દેશની આઝાદી માટે બલિદાનો-આહુતિઓ આપનારાઓને યાદ કરવાનો અવસર છે. સ્વતંત્રતા મનુષ્ય જાતિની મૂળભૂત ભાવના છે અને રાષ્ટ્ર ઉપર આપત્તિઓ આવી પડી હોય ત્યારે બલિદાન આપીને રાષ્ટ્રની આઝાદીનું રક્ષણ કરવાની વૃત્તિ પ્રાચીનકાળથી જોવા મળે છે. ભારતના ભવિષ્યના પરિપેક્ષમાં સાંસદશ્રીએ જણાવ્યું હતું કે જ્યારે ભારતની આઝાદીના સો વર્ષ થશે ત્યારે દેશમાં એક નવી પેઢી તૈયાર થઈ ગઈ હશે અને આજે જન્મેલું બાળક ત્યારે ૨૫-૨૬ વર્ષનો યુવાન/યુવતી બની નવા ભારતમાં પોતાનું યોગદાન આપી રહ્યા હશે. આજનું બાળક આવતીકાલના નવા ભારતની ઈમારતનો પાયો છે.

# ઉના ગેસના ચુલ્લામાં આગની ઘટનામાં દાઝી ગયેલ ૧૧ વર્ષની પુત્રીનું સારવારમાં મોત

### વડાલા રહેણાંક મકાનમાં ગેસનો ચુલ્લો સળગાવતા ઘરના પાંચ સભ્યો આગની લપેટમાં 3 ની હાલત ગંભીર થતાં અમદાવાદ રીફર કરેલ હતા

ચક્રવાત ટીમ ઉના, તા.૧૨

ઉના શહેરના વડાલા વિસ્તારમાં રહેતા મુસ્લીમ શ્રમિક પરીવારના ઈકબાલભાઈ રેમાનભાઈ બ્લોચ તેમના પત્નિ અલ્લારખીબેન, પુત્ર અલ્ફાઝ ઉ.વ. ૧૬ અને બે પુત્રીઓ અકક્ષા ઉ.વ.૧૧, અલ્સીફા ઉ.વ.૧૩ મળી શ્રમિક પરીવારના તમામ સભ્યો પેટ્યુ રળવા મજુરી કામ કરતા હોય ગત.તા.૯ માર્ચના રોજ સવારે ધરના પાચેય સભ્યો મજુરી કામેથી ધરે રાત્રીના રસોઈ બનાવતા પહેલા ગેસના બાટલાની પાઈપ ચુલ્લા સાથે જોડેલ હતી. અને અચાનકજ ગેસનો ચુલ્લો સળગાવતાની સાથેજ ગેસના બાટલાનું રેગ્યુલેટર નળી માંથી નિકળી જતા ગેસ અને આગનો સંપર્ક થતા આગ આખા ધરમાં ફેલાઈ ગયેલ હતી.

જેમાં ધરના તમામ સભ્યો આગની લપેટમાં આવી જતાં ઈકબાલભાઈએ મહામુસીબતે તેમની પુત્રી અકક્ષાનાને દાઝી ગયેલ હાલતમાં બહાર કાઢેલ હતી. પાંચેયને ઉના ખાનગી હોસ્પીટલે સારવાર અર્થે ખસેડવામાં આવેલ ત્યાથી વધુ સારવાર માટે અલ્લારખીબેન, પુત્રી અક્ષા તેમજ અલ્સીફાબેનની હાલત વધુ ગંભીરમાં ત્રણેયને તાત્કાલીક વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પુત્ર અક્ષા ઉ.વ. ૧૧ ને સારવાર દરમ્યાન મોત નિપજતા પરીવારજનોમાં શોકનું મોજુ ફળી વળ્યુ હતું.

## તંત્રીસ્થાનેથી......

# ક્વૉડની બેઠક : નરેન્દ્ર મોદી અને જો બાઈડનની મુલાકાત પર રહેશે નજર

હિંદ-પ્રશાંત મહાસાગરના જૂથ ક્વૉડની પ્રથમ વર્ચુયલ મિટિંગ આજે યોજાવાની છે, જેને ચાર ક્વોડ નેતાઓની પ્રથમ મિટિંગ હશે. ૨૦૦૭માં અમેરિકા, જાપાન, ઑસ્ટ્રેલિયા અને ભારત દ્વારા ક્વૉડની રચના કરવામાં આવી હતી. એશિયામાં ચીનનું વર્ચસ્વ વધી રહ્યું છે ત્યારે તેના જવાબમાં ક્વૉડ ગ્રુપની રચના કરવામાં આવી છે. જોકે, વ્હાઈટ હાઉસે સંકેત આપ્યો છે કે કોરોના વાઈરસ રોગચાળો, વૅક્સિનને લઈને નાણાંકીય મદદ અને જળવાયુ પરિવર્તનના સંકટ વિશે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. વ્હાઈટ હાઉસના પ્રવક્તા જેન સાકી કહ્યું," અમે આશા રાખીએ છીએ કે કોરોના વાઈરસ, જળવાયુ સંકટ અને આર્થિક સહાય માટે વૈશ્વિક સમુદાય જે કટોકટીનો સામનો કરી રહ્યા છે તે વિશે ચર્ચા કરવામાં આવશે. એક વરિષ્ઠ અધિકારીએ સમાચાર સંસ્થા રૉયટર્સને કહ્યું કે મિટિંગમાં ભારતમાં કોરોના વાઈરસ વૅક્સિનની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવા માટે આર્થિક કરારની જાહેરાત કરવાની યોજના છે. ચીનની વૅકિસન ડિપ્લૉમસીના જવાબ આપવાના ઈરાદે ભારત દ્વારા તેની માગ કરવામાં આવી હતી. ધી ક્વૉડ્રિલૅટરલ સિક્યૉરિટી ડાયલૉગ (ક્યૂસિડ) જેને ક્વૉડના નામથી પણ ઓળખાય છે, તે અમેરિકા, ભારત, જાપાન અને ઑસ્ટ્રેલિયા વચ્ચે અનૌપચારિક રાજકીય વાર્તા સમૂહ છે. ૨૦૦૭માં જાપાનના વડા પ્રધાન શિન્જો આબેએ પહેલી વખત આનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેને ભારત, અમેરિકા અને ઑસ્ટ્રેલિયાએ ટેકો આપ્યો હતો. ૨૦૦૭માં શરૂ થયેલું ક્વૉડ દસ વર્ષ સુધી નિષ્ક્રિય રહ્યું. સાલ ૨૦૧૭માં એક વખત ફરી ક્વૉડના સભ્ય દેશોની બેઠક થઈ. ૨૦૧૭ના અંતમાં ટ્રમ્પ વહીવટ અને ચીન વચ્ચે ઘર્ષણ થતાં અમેરિકાએ ક્વૉડને પુનઃજીવિત કર્યું. ૨૦૧૯માં ચારેય દેશનાં વિદેશ મંત્રીસ્તરની મુલાકાત થઈ. આ પ્રથમ વખત છે જ્યારે આ જૂથમાં સામેલ બધા દેશોનાં ટોચના નેતાઓ બેઠકમાં સામેલ થશે. હવે આનું માળખું તૈયાર થયું છે અને આમાં અન્ય દેશોને જોડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. અમેરિકાએ પહેલ કરીને ન્યૂઝીલૅન્ડ, દક્ષિણ કોરિયા અને વિયતનામ સાથે વીડિયો કૉન્ફરન્સિંગ મારફતે વાત કરી હતી. આ ગ્રુપને ક્વૉડ પ્લસનું નામ આપવામાં આવ્યું હતું. બીજા દેશોનું જોડાવું ભારત માટે પણ ઉચિત છે, ભારત હંમેશાં અન્ય દેશોને જોડવાં અને તેમની સાથે વાતચીત કરવાના પક્ષમાં રહ્યું છે. ભારતનો પ્રયત્ન રહ્યો છે કે ક્વૉડને લઈને ક્યારેય કોઈ પણ દેશને એ સંકેત ન મળવો જોઈએ કે આ સૈન્ય ગઠબંધન છે. ભારત, અમેરિકા અને જાપાન સાથે માલાબારમાં નૌસેના અભ્યાસ કરતું આવ્યું છે પરંતુ તેમાં ઑસ્ટ્રેલિયાને સામેલ નહીં કરવાના પક્ષમાં રહ્યું છે.



યાકુબ બાદી
તંત્રી

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....

**ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ**

# 'Krossing ગર્લ'

**રવિ વિરપરીયા**

### પ્રકરણ ૮૮

"સાગગગગરરરર....ગાંડો થઈ ગયો છે કે શું ? બહાર નીકળ. ડૂબી જઈશ" એને ધસમસતાં પાણીમાં ફૂદકો માર્યો એમાં મારું હાર્ટફેલ થતાં માંડ માંડ બચ્યું.

"હુઊંઊંઊં.....યાહુહુહુહુહુહુ.. કરતો એ તો પાણીમાં એ ઘુના જેવા ઊંડા ખાડામાં મોજથી તરી રહ્યો હતો. પાણીનો પ્રવાહ અને વેગ બંને વધતાં જતાં હતાં.

"એય,કાના મારા ફોટા પાડ." ધોધમાર વરસતાં વરસાદના અવાજ વચ્ચે એનો અવાજ મારા કાન સુધી નહોતો પહોંચતો. અનેક પ્રયત્નો પછી એને મને આ વાત હાથોના ઈશારાથી સમજાવી.

મારી સાથે કેમેરો હોય એટલે હું બધું ભૂલી જતો હતો. મેં સાગરના ફોટા પાડવાના શરૂ કર્યા. તે આજે કોઈ કેદમાંથી છૂટ્યો હોય એવી મોજમાં હતો. થોડીવાર પછી મને ઈશારાથી પાણીમાં કૂદવા કહ્યું. એ ધસમસતો વેગ અને નાના ધોધ જેવું સ્વરૂપ જોઈને મારા હાજા ગગડી ગયા. મેં હાથ જોડીને કહ્યું. "મારે નથી આવવું તું નાહતો હોય તો ના."

એને મને મુક્કા મારવાનો ઈશારો કરી રીતસર ધમકાવ્યો. સાથે ભરોસો આપ્યો. 'હું બેઠો છું ને ..! ચિંતા ના કર .....તને કંઈ નહીં થવા દવ.' એ નાનકડા સર્જાતા ગોળ વમળમાં પાણી સાથે તાલ મિલાવીને ચતો સુઈ બંને હાથ અને પગ ફેલાવી વરસતાં વરસાદને ઝીલી રહ્યો હતો. એને કોઈ ડર નહોતો. ડૂબી જવાનો, તણાઈ જવાનો કે કોઈ પાણીના મગર જેવા જીવનો...મને થયું કુદરત સાથે એકાકાર થતાં આવડી જાય પછી એ તમને સાચવી લે છે. આમ તો હું સાગર કરતાં પણ નીડર હતો પરંતુ પાણી જોઈને મને કંઈક થઈ જતું. મેં આખરે બધી ચિંતા બાજુ પર મૂકી સાગરના ભરોસે પાણીમાં યા હોમ કરીને કૂદી પડ્યો.

હું બુડબુડિયા બોલાવતો અંદર તળિયાને સ્પર્શ કરી આવ્યો. ખાડો વધીને ત્રણ માથોડા જેટલો ઊંડો હતો. પરંતુ મારા જેવા કોશતરાને ડુબાડવા માટે આટલી ઊંડાઈ પૂરતી હતી. હું પાણીની અંદર હાથપગ હલાવી બચવાના હવાતિયા મારી રહ્યો હતો ત્યાં સાગરે મને કમરેથી પકડીને ઉપર લઈ ગયો. મારું મોં પાણીની બહાર આવતાં મેં નિરાંતનો શ્વાસ લીધો. જાણે હું મોતના ડેલે જઈને અડી અડીને છુટ્ટા ની રમત રમી આવ્યો હોય એવું લાગ્યું.

"કૂદકો મારવાની મજા આવી ?" એ મને પાણીના છાંટા ઉડાડતો બોલ્યો.

હું હજુ પણ પાણીમાં હાથપગ હલાવી તરવાનો પ્રયત્ન કરતાં બોલ્યો." હા....સાથે ડર પણ લાગ્યો. ડૂબી જવાની બીકમાં મારો જીવ અધ્ધર થઈ ગયો હતો....!!"

"ડોન્ટ વરી કાના, આ સાગર શેખ તને ક્યારેય ડૂબવા નહીં દે. કાનાનું કામ ડૂબવાનું નહીં ડૂબેલાને તારવાનું છે. ચાલ તને તરતાં શીખવું. આ ઘુનો તને હંમેશાં માટે યાદ રહી જશે." સાગરે મારી પાસે આવી મારો હાથ પકડતાં કહ્યું.

"સાગર....આજે હું તરતાં નહીં શીખ્યો ને તો યાદ રાખજે તને ડુબાડી દઈશ...તું દર વખતે મારો જીવ લઈ લે છે." પાણીમાં હું ટકી રહેવા માટે રીતસર ધાંધો બની ગયો હતો.

"રિલેક્સ....નેચર દરેકને સર્વાઈવલની બેઝિક આવડત જન્મજાત આપે છે. બસ આ સ્કીલને યુવાનીમાં પોલિશ કરીને ઈમરજન્સી માટે તૈયાર રાખવી પડે. નહીંતર પૈસા અને સંબંધોના ભાર નીચે એને દબાઈ જતાં વાર નહીં લાગે." સાગર મારી આજુબાજુ જાણે પાણીમાં રાઉન્ડ ફરતો ફરતો ગરબે રમી રહ્યો હતો.

"સાગર, નાલાયક તું અત્યારે તારી આ બકવાસ ફિલોસોફી અને જ્ઞાન વહેંચવાનું બંધ કર. હું ડૂબી રહ્યો છું. હું તારા ભરોસે પાણીમાં કુદયો.તું મને અહીં લેક્ચર આપી રહ્યો છે." હું પાણીમાં પ્રવાહ સામે વધુ ટકી નહીં શકું એવું લાગતું હતું.

"માણસને ભૂખ લાગે ત્યારે જ ભોજન અપાય. નહીં તો ભૂખની કિંમત ના સમજાય. તને પણ મૃત્યુ સ્પર્શે નહીં ત્યાં સુધી આ અમૂલ્ય જીવનની કિંમત નહીં સમજાય. વત્સ પ્રયત્ન ચાલુ રાખ. તરતાં આવડી જશે. બાકી હું બેઠો જ છું." એમ બોલી એ થોડે દૂર એક પથ્થર પર બેસી ગયો.

"સાગગગગગરરર....કૂતરાં.. વાંદરા..નાલાયક..જેટલી ગાળો આવડી એટલી મેં પાણીમાં મને ટકાવી રાખતાં આપી દીધી. હું બુડબુડીયા બોલાવતો ઘડીકમાં અંદર તો ઘડીકમાં પાણીની બહાર થઈ રહ્યો હતો.

"મને ગાળો આપવાથી તું બચી નહીં શકે. એના કરતાં એ એનર્જી તારી જાતને સ્થિર રાખી પાણીને ઓળખતાં શીખ.એની સાથે વાતો કર. એને પ્રવાહમાં જાતને ઓગાળી દે. મારું પ્રોમિસ છે. એ તને ડૂબવા નહીં દે. બસ તું એકવાર આ હવાતિયાં મારવાનું બંધ કરી જાતને મોકળી મુકી દે. તને કંઈ નહીં થાય એની મારી ગેરેન્ટી. તારી પાસે દસ મિનિટ છે. ત્યારબાદ પર્વતના ઢોળાવોના ધસમસતાં પાણીનો વેગીલો પ્રવાહ આવી પહોંચશે. પછી આ સાગર પણ તને નહીં બચાવી શકે. તારે તરતાં શીખવું હોય તો તારી પાસે દસ મિનિટ છે.નહીં તો પછી આખી જિંદગી નહીં આવડે એની હું ગેરેન્ટી આપું છું....કમ ઓન કાના...કિપ ઈટ અપ...કમ ઓન" સાગર પથ્થર પર બેઠો બેઠો પ્રેરણાના પુષ્પો વરસાવી રહ્યો હતો. અહીંયા મારો જીવ જતો હતો.

મારા હાથપગ જવાબ દઈ રહ્યા હતા. હું વધારે ટકી શકું તેમ નહોતો. અત્યાર સુધી મેં કરેલા તમામ પ્રયત્નો નકામા સાબિત થયા હતા. લાવને સાગરે કહ્યું એમ જાતને ખુલ્લી મૂકી એક ચાન્સ લવ. લાગ્યું તો તીર નહીં તો તુક્કો.....હું હજુ જાતને મોકળી મુકવા ડરી રહ્યો હતો. મેં સાગર સામે જોયુ એ તો એક પથ્થરને ટેકો દઈને નિરાંતે બેઠો હતો. આઈ હેવ નો ચોઈસ. આ નાનકડા ઘુનામાં સાગરને મને ખુદની સાથે લડવા માટે મજબૂર કરી દીધો હતો. આખરે મેં બહુ વિચાર્યા વગર જાતને મુક્ત કરી દીધી. મને ડૂબવાનો ડર હતો પણ.....આ શું...? જેવી જાતને ખુલ્લી મૂકી એવી હું પાણીમાં થોડે ઉંડે જઈને સપાટી પર આવી ગયો. મારા હાથ- પગ આપમેળે પ્રવાહ સાથે તાલ મિલાવવા લાગ્યા. હું પાણી સાથે વમળમાં ગોળ ગોળ ફરી રહ્યો હતો. થોડીવારે જાતને સ્થિર કરી. પાણીમાં ડૂબકી લગાવી. ફરીથી હું ઉપર આવી ગયો. થોડીવારની પ્રેક્ટિસમાં હું ઊંધો ચતો થઈને ના કરવાના ખેલ કરવા લાગ્યો. જે તરવાનું શીખવા માટે હું રીતસર ઝઝૂમી રહ્યો હતો તેમાં મને આનંદ આવવા લાગ્યો. મેં એકાદ નાનકડી શીલા પર ચડી પાણીમાં ભૂસકો માર્યો. પાણીની અંદર તરતો તરતો હું સીધો સાગર પાસે નીકળ્યો.

એનો હાથ ખેંચીને પાણીમાં ખેંચવા ગયો ત્યાં સાગરે મને આંખના પલકારામાં હાથ ખેંચી પાણીની બહાર કાઢી લીધો.ઉપરથી જાણે ડેમ તૂટ્યો હોય એટલી ઝડપથી પાણીનો પ્રવાહ ઠલવાયો. પાણીના એ ગર્જના કરતાં ખૂરાટ બનેલા પ્રવાહ સામે હું જોઈ રહ્યો. બે જ સેકન્ડ મોડું થયું હોત તો હું પણ આ નાલામાં વહી ગયો હોત.

"કાના બસ જિંદગી અને મોતમાં આટલી જ વાર લાગે. બસ એએએ... થાય." સાગરના શબ્દો મારા કાનમાં ગુજવા લાગ્યા. "કાના, બસ એએએ જ થાય." હું એ પાણી સામે તાકી રહ્યો.

"ચાલ, તું તરતાં શીખી ગયો. હવે તારી ગાડી મારા વગર પણ ક્યાંય નહીં અટકે. સાગર ઉભો થઈ ઉપર ચડવાની કેડીએ ચાલવા લાગ્યો.

"સાગર, યાર પાંચ મિનિટ તો બેસવું હતું ને... !!કેટલું અદ્ભૂત દ્રશ્ય હતું એ પાણીનું... એ બહાને થોડો આરામ પણ થઈ જાત. કુદરતના એ ભયાનક રૂપને પણ આપણે નજીકથી માણી શકત." મેં તેની પાછળ પાછળ ઉપર ચડતાં કહ્યું.

"કાના, સુખની એ ક્ષણોનો ભાર લઈને ફરીએ છીએ એમાં જ આપણે વધુ દુઃખી થઈએ છીએ. થોડીવાર પહેલાં જે ડર, મોજ, મસ્તી અને છેલ્લે નસીબ એ બધું આપણે એ સમયે જીવી લીધું. એને ત્યાં જ છોડી દે. એને ખભે ટીંગાડી રાખી ખોટો ભાર વેઠવાની જરૂર નથી. લાઈફની કેટલી એવી સારી ખરાબ મેમરી તારી રાહ જોઈને ઉભી છે. તું એને એન્જોય કરવા માટે આગળ વધ." સાગર આગળ વધતાં બોલ્યો.

" સાગર, તું આટલું જલ્દી આબધું છોડી કેમ શકે ? આ બધી ખાસ યાદો છે. મિન્સ એ...." મને આગળ શું બોલવું એ સમજાયું નહીં.

"આંખ,કાન અને હૃદય ખુલ્લું હોય એટલે દરેક ક્ષણે તમે એટલી મેમરી બનાવી શકો કે દુનિયાનું દરેક સ્ટોરેજ ટૂંકું પડે." અમે બુલેટ પાસે આવી પહોંચ્યા હતા. અમે ભીના કપડાં પહેર્યા. સાગરે બુલેટ ચાલુ કરવાનો પ્રયત્ન કર્યો. થોડી મથામણ પછી ચાલુ ના થતાં ઉપર જતી કેડી તરફ બુલેટ દોરવા માંડ્યું.

વરસાદ થોડો ધીમો પડ્યો હતો. દિવસ આથમવાની તૈયારીમાં હતો. આછો અંધકાર જંગલને વધુ ડરામણું બનાવતો હતો. પાંદડા પર પડતું પાણી અને ક્યારેક પવનનો સુસવાટો, પંખીનું કલબલ અને ટેકારાના પથ્થરોમાંથી પાણીનો વહેવાનો અવાજ..આ બધા વચ્ચે એક મૌનનું સંગીત હું અનુભવી રહ્યો હતો. ઢોળાવ પર બુલેટ ચડવામાં ગારાવાડી કેડીમાં સાગરની તાકાત થોડી ઓછી પડતી હતી. હું પાછળથી ધક્કો મારી સાગરની મદદ કરી રહ્યો હતો.

ટેકરી પર પહોંચ્યા બાદ થોડે દુર ચાર પાંચ જગ્યાએથી લાલ પ્રકાશનું અજવાળું દેખાઈ રહ્યું હતું. ગીરના નેહડા વિશે સાંભળ્યું હતું. પણ રૂબરૂ કોઈ દી જોયા નહોતાં. શું આ નેહડામાં રાતવાસો કરવાનુ મારા નસીબમાં લખાયેલું હતું ? મને હવે થોડી થોડી ઠંડી ચડવા લાગી હતી.

"કાના....તું નસીબદાર છે આજે તને ગયરની મહેમાનગતિનો લાભ પણ મળશે અને બહુ નસીબદાર હોઈશ તો સિંહ પણ જોવા મળી જાહે." સાગર બુલેટને દોરતો બોલ્યો.

"સાગર .. સિંહ...બાપ રે... આ બધા અહીં કેમ રેતા હશે.એને બીક નહીં લાગતી હોય..

સાગર મારી સામું જોઈને હસ્યો. મારા પ્રશ્નો હવામાં ગુંજવા લાગ્યા.

રાતે અહીં રેવામાં આ લોકોને બીક નો લાગે....? અહીંયા જંગલમાં લાઈટેય ના હોય...મચ્છર કરડે એ નોખા...ચોમાસામાં મારી વાડીએ સાપ અને વીંછી ને ભેગા કાનખજૂરા ય એટલા હોય કે ધ્યાન રાખવું પડે.

"કાના...એકવાર જીવતાં આવડી ગ્યું ને પછી મોતનીય બીક ના લાગે....!"

અમે અલક મલકની વાતો કરતાં કરતાં એ લાલ પ્રકાશના વાડા પાસે આવી પહોંચ્યા. **(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૩-૦૩-૨૦૨૧, શનિવાર, દર્શ અમાસ, સૂર્યોદય-૬-૩૪, સૂર્યાસ્ત-૬-૨૭, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શતભિષ

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરુ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ,લ,ઇ): આજે વ્યક્તિગત કાર્યોમાં તથા પરિવાર સાથે દિવસ પસાર કરવાથી પોતાને હળવા અને ઊર્જાથી ભરપૂર અનુભવ કરશો.

» વૃષભ(બ,વ,ઉ): કોઇ શુભચિંતકની પ્રેરણા અને આશીર્વાદથી તમે આત્મિક સુકૂન અને સુખ અનુભવ કરશો. કોઇ સફળતા મળવાના યોગ છે.

» મિથુન(ક.છ.ઘ): આજનો દિવસ કામ વધારે રહેશે. ઘણાં સમયથી કોઇ અટવાયેલું પેમેન્ટ મળવાથી આર્થિક સ્થિતિ મજબૂત થશે.

» કર્ક(ડ,હ): ઘરમાં કોઇ માંગલિક કાર્યને લગતી યોજના બનશે તથા બધા સભ્ય ઉત્સાહ સાથે પરિપૂર્ણ રહેશે.

» સિંહ(મ,ટ): દિવસની શરૂઆત મહત્ત્વપૂર્ણ કાર્યને પૂર્ણ કરવા સાથે કરો. આજે તમે તમારી અંદર અદભૂત આત્મવિશ્વાસ અનુભવ કરશો.

» કન્યા(પ,ઠ,ણ): તમારા કોઇ મહત્ત્વપૂર્ણ કાર્યને પૂર્ણ કરવા માટે સંપૂર્ણ મહેનત લગાવી દો, પ્રકૃતિ તમારો સાથ આપી શકે છે.

» તુલા(ર.ત.): આજે ઘરની સુખ-સુવિધાઓને લગતી ખરીદદારીમાં સમય પસાર થશે. કોઇ પ્રોપર્ટીને લગતો મામલો ઉકેલાય તેવી શક્યતા.

» વૃશ્ચિક(ન.ય.): કોઇ વડીલ કે ગુરુ સમાન વ્યક્તિના સાનિધ્યમાં થોડો સમય પસાર કરવાથી તમે પોઝિટિવ ઊર્જા અનુભવ કરશો.

» ધન(ભ,ધ,ફ,ઢ): કોઇ નજીકના સંબંધીની પરેશાનીમાં તેનો સહયોગ કરવો તમને આત્મિક સુકૂન આપશે.

» મકર(ખ.જ.): સંતોષજનક સમય ચાલી રહ્યો છે. તમારા પોઝિટિવ દૃષ્ટિકોણ અને સંતુલિત વિચારથી અનેક સમસ્યાઓનો ઉકેલ મળી શકશે.

» કુંભ(ગ,સ,શ,ષ): કોઇ વ્યક્તિના સહયોગથી લાભદાયક પરિસ્થિતિ બનશે. તમારી ગુપ્ત પ્રતિભાને ઓળખ મળશે.

» મીન(દ,ચ,ઝ,થ): સામાજિક અને ધાર્મિક ગતિવિધિઓમાં તમારો મોટાભાગનો સમય પસાર થશે.

# શહેરનો મિજાજ છે સંકડાશ!!!



यहीं है मेरा शहर
मनो धुंआ निगलता,
भीड़ में गम होता,
सीने पर हरशेव्ह सौ ज़ख़्म खाता,
रिस्ते ज़ख़्मों वाला
यहीं है मेरा शहर;
इस शहरमे
एहसास के सोते सुखाए जाते है
इंसानो के कद बौने किए जाते है
जहन पत्थर बनाए जाते है
आत्माओ को बोली पर चढ़ाया
जाता है
हाँ, यहीं है मेरा शहर
यहाँ प्रताड़ना की मीनारे है,
सत्ता के दमघोंटू गलियारे है,
कंक्रीट के जंगल है,
यह शहर गर्मियोंमें जलता है,
बरसात में गलता है
सर्दियों में केचुल बदलता है;
इस शहर का हर दूसरा आदमी में हूं,
मुसल्सल दौड़ता, भागता, रेंगता,
जीने की जंग जीतता-हारता........;
यहीं है मेरा शहर ।
– मुहम्मद अहसन

શહેર !

લાઈનબદ્ધ રોપાયેલ છોડના એક કૃત્રિમ બગીચો. શહેર એક હાથમાં ગાજર અને બીજા હાથમાં છણણી લઈને ઉભેલો એવો માલિક છે જેનું ગધેડું કાયમ ગાજર માટે છણણી પર દોડતું રહે છે. છોલાતું રહે છે.

શહેરમાં છે મોટી ઊંચી ઈમારતો, તેમાં દોડતી લીફટો અને લીફટોમાં ઊંચા-નીચા થતાં લોકો. તેની ઘડિયારો ક્રૂરતા આચરતાં અચકાતી નથી કે નથી તેની પાસે ફુરસદનો સમય. તેની ઘડિયારો બોસના સેલ પર ચાલે છે અને કાંટાઓ તેના બોસની છુપી તલવારો છે.

તેની ટ્રાફિક સમયના અભાવનું શોકગીત છે. વાહનોના હોર્ન પર ચોંટેલી આંગળીઓ પર હંમેશા ઉતાવળનું ભૂત સવાર થતું રહેતું હોય છે. શહેર તેના ટ્રાફિક પોલીસની ભૂલને કદી બક્ષતું નથી. સાંકડી ગલીઓમાં દોડતી રિક્ષાઓના મીટર પર શેકાતા રોટલાઓમાં ધુમાડાની વાસ પેસી જતી હશે? મોં ઘીદાટ કારના વાઈપરોનો થાક કોઈએ ઉતાર્યો નથી. અને કાચની દુકાનો પર ચરકી જવાની ભૂલ કરતાં ચકા-ચકીઓ હવે તેની ચરક મૂકી શકે તેવી જગ્યાએ શિફ્ટ થઈ ગયા છે.



જિજ્ઞા પટેલ
"चरैवेति चरैवेति"

અહીં લોકોની તેજોરીઓ તેના ભગવાન રાખવાના ગોખલા કરતાં મોટી છે. સ્વચ્છ-સુઘડ કાપડાઓમાં સફાઈથી છુપાવી શકતાં ગુનાહો અહીં ઈજ્જત કમાઈ શકે છે. પ્લાસ્ટીકની સ્માઈલ લઈને ફરતાં લોકો અહીં ઘટમાળિયું જીવન જીવે છે. તેમનાં ઘરની દીવાલો પર દિવાળીએ અચૂક કલર થઈ જાય છે અને દરેક કાળા ધાબા વરસો વરસ દટાઈ જાય છે. શહેર ભીડનો ગુણાકાર છે. પોતાના ઘરનું પગથિયું ટપો કે તરત જ તમે ટોળું છો. ટોળું જે કાંઈ પણ કરી શકે છે.

રોકસ્ટાર ફિલ્મનો એક ડાયલોગ યાદ છે?

" પતા હે બહોત સાલ પહેલે યહાઁ એક જંગલ હોતા થા. ઘના ભયાનક જંગલ. ફિર યહાઁ એક શહેર બન ગયા. સાફ સુથરે મકાન, સીધે રસ્તે, સબ કુછ સલીકે સે હોને લગા. ફિર જીસ દિન જંગલ કંટા ઉસ દિન પરિન્દો ક એક ઝુંડ યહાઁ સે હંમેશા કે લિયે ઉડ ગયા. કભી નહીં લૌટા. મેં ઉસ પરિન્દો કો ઢૂંઢ રહા હું.... કિસીને દેખા હે ઉન્હેં?"

શહેરની ક્લીન, લાઈનસર ગલીઓમાં દોડતા જીવન પર પૈસાના વરખ જડાઈ જાય છે. ઉંમર નોકરીના વર્ષોથી ગણતરીમાં લેવાય છે. અહીં ગલીઓ, ગટર, ધુમાડા, તાપમાન અને નાલાના પાણી સિવાય જીવનના પ્રદુષણને ગણતરીમાં નથી લેવાતો. લોકો અહીં પિત્ઝાના ટુકડાને સુખી જીવનનું માપદંડ ગણે છે.

જાવેદ અખ્તરની એક કવિતા જે ગલી બોય ફિલ્મમાં ફિલ્મવામાં આવી છે.

ही रास्ता जिसपे
चुपचाप सर को झुकाए हुए
बंद आँखें किये
लोग चलते हैं सारे जनम
जानते भी नहीं
सोचते भी नहीं
पूछते भी नहीं
उनको ये रास्ता
लेकर कहीं जाएगा?
या कहीं भी नहीं?
चलते चलते कहीं
एक मोड़ आता है
सीधे रस्ते से बिलकुल अलग
कोई दीवाना ही होता है
जो कि उधर जाता है
वर्ना बाकी तो
सब सीधे रस्ते पे ही
अपने सारे जनम चलते हैं
सर झुकाए हुए
बंद आँखें किए
और ये दुःख लिए
मोड़ जो देखा था
उसपे मुड़ जाते हम
तो न जाने कहाँ तक
पहुँच पाते हम.

# જાત મહેનત વગર બધું નકામું...

કોઈપણ કામમાં સામાન્યથી ઉપર ઉઠવા માટે સ્વનું ઈન્વોલ્વમેન્ટ સૌથી અગત્યની બાબત છે. દરેક મહાપુરુષ જે વિશેષ જિંદગી જીવે છે તે સૌએ ક્યારેક ને ક્યારેક સંઘર્ષ કરીને સામાન્યથી જુદું કામ કરવાનું નક્કી કરી લીધું હોય છે. સામાન્યથી વિશેષ એટલે શું ? કોઈપણ કામમાં જ્યારે પોતાની જાત મગ્ન થઈ જાય જ્યારે આપણને ફાળવવામાં આવેલું કામ વર્ષોથી ઢળેલી એક ને એક રૂઢિમાં નહિ પણ તેમાં કંઈક અલગ કરવામાં આવે ત્યારે તે ખાસ બને છે. અને તેમ કરવા માટે આપણા કામમાં આપણે જીવ રેડવો પડે છે.



કોઈપણ વ્યક્તિ આપણને ગમે તેટલો સપોર્ટ કરવા તૈયાર હોય કદાચ કોઈ આપણને સીધું શાસન પણ આપી દે પણ જો એ કામ કે શાસનને નિભાવવા માટે તેમાં જીવ નહિ રેડી તો કંઈ હાથમાં આવતું નથી છેલ્લે નિરાશ થઈ બેસી રહેવાનો વખત આવે છે. આવું કંઈ ન થાય તે માટે આપણે કરવાના કામમાં આપણું મન હોવું જરૂરી છે. એનો અર્થ એવો પણ નહિ કે જ્યાં મન લાગે છે ત્યાં જ કામ કરવું પરંતુ જ્યાં મન નથી લાગતું ત્યાં પણ જો ચિત્તને ચોંટાડવામાં આવે તો કોઈપણ કામ નિખરી ઉઠે છે.



શાહ ધ્વનિ
ધ્વનિના સથવારે

થ્રી ઈડિયટમાં પણ બહુ સરળ ભાષામાં આ જ કહ્યું છે કે મન લગાવો, તે માટે બે રસ્તા ગમતાનો ગુલાલ કરવો અથવા ગુલાલને ગમતો કરવો. મન વગર કરેલું કામ માત્ર જીવન આગળ ધપાવે છે પણ જો જીવનને જેમ તેમ માત્ર ખપાવવું ન હોય તો રૂટિન લાઈફથી કંઈક અલગ કરવું પડશે. તેના માટે આપણા કામમાં મન રેડી તેમાં ઈનોવેશન લાવવું અને જાત પ્રયત્નથી વધુ ને વધુ સારું કરવા આપણે પોતે જ મથવું પડે કોઈ આપણું પોતીકું હોય કે પારકું આપણા માટે કંઈપણ કરે તોય જાતે મહેનત કરીને જે મેળવીએ તેની ખુશી જીવવા જેવી ચોક્કસ.

જાતે સમજી વિચારો સંઘર્ષ કરીને જે મળે તેનું મૂલ્ય અનાંકિત છે. આમ કરવાથી પાડીને જાતે ઉઠતા શીખવાની મજા, ચેલેંજીંગ પ્રવૃત્તિને ઓવરકમ કરવાની મજા અનોખી જ હોય છે.

સંઘર્ષના દરેક ડગલે કોઈની આંગળી પકડીને ઊભા થવાય પણ દોડવું તો જાતે જ પડે. કહેવાય છે ને આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય. મન હોય તો જ માળવે જવાય. આપણે માળવે નથી જવું પરંતુ જીવનમાં દરેકને કંઈક કરી બતાવવાની ઈચ્છા તો હોય જ છે તેવામાં જો આપણે આપણી જાતે જ પ્રયત્નોની સીડી ચઢીએ તો કામિયાબી કોષો દુર નથી રહેતી પણ જો ધક્કો મારીને સીડી ચઢાવવામાં આવે તો કામિયાબી દૂરથી પણ રળિયામણીને બદલે અળખામણી લાગતી હોય છે.

જ્યારે પણ જીવનમાં લાંબી ઉડાન ભરવાની ઈચ્છા થાય ત્યારે જાતે મહેનત કરી - મથીને જ ટોળાવાળી જિંદગીમાંથી બહાર આવવું શ્રેષ્ઠ માર્ગ છે. જ્યાં સુધી સ્વેચ્છા ન થાય જાતે જ આગળ વધવા મન આત્મ વિશ્વાસથી છલકાય નહિ ત્યાં સુધી કોઈપણ મંજિલ સ્વપ્ન જ વની રહેતું હોય છે.

# દીકરીઓ મેમસાહેબ બનશે ટેસ્ટબુક દિકરીઓને શિષ્યવૃત્તિ આપશે

## દેશની ૧૦૦૦ દિકરીઓ માટે રૂ. ૪૦ લાખનું શિષ્યવૃત્તિ, સ્કૂટર, એક વર્ષ માટે ૪ જી ડેટા વાઉચર, એચડી ટેબલેટ ફ્રી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૨

ટેસ્ટબુક ડોટ કોમ, એડટેક પ્લેટફોર્મ, જેનો હેતુ ભારતની પરીક્ષાની તૈયારીના દશ્યને જાહેર ક્ષેત્રના કર્મચારીઓ માટે ટેકનીકી સંચાલિત, સ્વચાલિત પ્રણાલીમાં પરિવર્તિત કરવાનો છે, જ્યાં વિદ્યાર્થીઓ તેમની રીતે શીખે છે. આ શ્રેણીમાં, ટેસ્ટબુક દ્વારા આત્મનિર્ભર ભારતની મહિલાઓને પ્રોત્સાહિત કરવા 'બેટી બનેગી મેમસાહેબ' પહેલની ઘોષણા કરવામાં આવી છે. ટેસ્ટબુકની 'પુત્રીઓ મેમસાહેબ બનશે' નો ઉપાય સરકારની પરીક્ષાઓની તૈયારી કરતી વખતે સંભવિત અવરોધો, ગુણવત્તાયુક્ત શિક્ષણનો અભાવ, ઘરે જતા અથવા શહેરની બહાર જવાની તૈયારી અને વધુ બાબતો જેવી બધી શક્ય અવરોધોને દૂર કરવાનો છે. ટેસ્ટબુકનો ઉદેશ દરેક છોકરી અને સ્ત્રીને આદરણીય સરકારી નોકરી માટે સશક્ત બનાવવાનો અને તેના પગ પર ઉભા રહેવાનો છે. દેશની દીકરીઓની પસંદગી દેશવ્યાપી ક્વિઝ સ્પર્ધા દ્વારા કરવામાં આવશે. આ પહેલના એવોર્ડમાં રૂ. ૪૦ લાખથી વધુની શિષ્યવૃત્તિ, એક વર્ષ સુધી ૧૦૦૦ મહિલાઓને ૩૬૫ દિવસ સુધી સરકારી નોકરીની તૈયારી, સ્કૂટર્સ, એચડી ટેબ્લેટ્સ, ૪ જી ડેટા વાઉચર્સનો સમાવેશ થાય છે. એક લાખથી વધુ નોંધાયેલા સહભાગીઓને ટેસ્ટબુક એપ પર એક મહિના માટે નોકરીની તૈયારી માટે મફત પ્રવેશ આપવામાં આવશે.

ટેસ્ટબુક ડોટ કોમના સ્થાપક અને સીઈઓ આશુતોષ કુમાર દ્વારા જાણકારી આપવામા આવી છે,કે "ટેસ્ટબુક.કોમ ખાતે, અમારું માનવું છે કે સમગ્ર રાષ્ટ્રને શિક્ષિત અને સશક્ત બનાવવા માટે, આપણે આપણી દીકરીઓને સશક્ત બનાવવાની જરૂર છે, કારણ કે તે ફક્ત તેમના કુટુંબની કરોડરજ્જુ જ નથી, પરંતુ સમગ્ર દેશ માટે ઉજ્જવળ ભવિષ્યની આશા. આ મિશનની પહેલ દરેક મહિલાને સન્માનજનક સરકારી નોકરી માટે સશક્ત બનાવવાની છે. આ પહેલ દ્વારા, ટેસ્ટબુકનો ઉદ્દેશ્ય ઓનલાઈન પરીક્ષાની તૈયારી માટેનો સમગ્ર વાર્ષિક ખર્ચ છોકરીઓ અને મહિલાઓને ફાળો આપવાનો છે, જેથી તેઓ આખા વર્ષ માટે ઓનલાઈન સરકારી પરીક્ષાઓની તૈયારી કરી શકશે. પ્રતિ સ્પર્ધક દીઠ છોકરીઓ અથવા મહિલાઓ બીબીએમ શિષ્યવૃત્તિ દ્વારા નોંધણી કરાવી શકે છે અથવા ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અથવા લિંકડઈન પર અમારા .ફિશિયલ હેન્ડલ પર લિંક કરી શકે છે. ૨૦ માર્ચ ૨૦૨૧ ના રોજ રાષ્ટ્રવ્યાપી ઓનલાઈન પરીક્ષા લેવામાં આવશે અને એવોર્ડ વિજેતા સૂચિ ૨૭ માર્ચ ૨૦૨૧ ના રોજ પ્રકાશિત કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન, ટેસ્ટબુક ડોટ કોમ સરકારમાં ઉપસ્થિત મહિલા અધિકારીઓને મળવાની અને ઘણાં જીવંત સત્રો દ્વારા તે મહિલા અધિકારીઓના હોદ્દા પ્રાપ્ત કરવાની તેમના અનુભવો અને સફળતાની વાર્તાઓ સાંભળવાની તક પણ આપશે. ટેસ્ટબુક ડોટ કોમ ડિજિટલ માર્કેટિંગ, ડેટા એનાલિટિક્સ, પ્રોગ્રામિંગ, કન્ટેન્ટ રાઈટીંગ, એકાઉન્ટિંગ અને એમએસ ઓફિસ જેવા અદ્યતન એમએસ એક્સેલ જેવી કુશળતાની માંગ-પ્રશિક્ષણ એપ દ્વારા પણ પ્રદાન કરે છે.

# નાગપુરમાં પતિના હાથ ખુરશી સાથે બંધાયેલા, પોર્ન વીડિયો બતાવીને પત્નીએ ગળુ ચિરી હત્યા કરી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૨

નાગપુરમાં બે દિવસ પહેલા ૯ માર્ચે ગણેશપીઠ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા રજત સંકુલ બિલ્ડિંગના પ્લેટ નંબર ૧૦૩ માં બનેલી હત્યાને ઉજાગર કરવામાં પોલીસને સફળતા મળી છે. તપાસ દરમિયાન ખબર પડી કે પતિની પાંચમી પત્નીએ હત્યા કરી હતી, જે કૌટુંબિક ઝઘડાને કારણે ઘણા મહિનાથી છૂટા પડી હતી. પતિએ ખુરશી સાથે હાથ બાંધીને પછી ગળુ કાપીને દુષ્કર્મ કર્યાની કબૂલાત કર્યા બાદ પોલીસ પણ ધક્કામુક્કી પર ગઈ હતી. હત્યા બે દિવસ પહેલા રજત સંકુલના એક ફ્લેટમાં થઈ હતી. પોલીસ કમિશનર અમિતેશ કુમારે પત્રકાર પરિષદ દરમિયાન જણાવ્યું હતું કે આરોપી પત્નીની ધરપકડ કરવામાં આવી હતી.

મૃતકની ઓળખ ૬૫ વર્ષીય લક્ષ્મણ રામલાલ મલિક તરીકે થઈ હતી. તે સરકારી સેવામા સફાઈ કામદાર તરીકે કામ કરતા નિવૃત થયો હતો. ૩૧ વર્ષીય સ્વાતિ નરેન્દ્ર પાચપોહરની હત્યાના સંદર્ભમાં ધરપકડ કરવામાં આવી છે. લક્ષ્મણ સ્વાતિનો બીજો પતિ હતો. તેના દ્વારા તેણીને ૮ વર્ષનો પુત્ર પણ છે. તે બે વર્ષથી તેનાથી અલગ રહ્યો હતો. સ્વાતિ સોમવારે મૃતકને ત્યાં બપોરે ત્યાં પહોંચી હતી.. ત્યારબાદ તેણે તેના પતિ સાથે અશ્લીલ વીડિયો બતાવીને તેની સાથે સેક્સ કર્યું હતું. આ માટે પતિના ખુરશી પર હાથ બાંધ્યા અને છરી વડે ગળું કાપી નાખ્યું. બાદમાં બપોરે તે રિક્ષામાં ઘરે જતી રહી હતી.

પોલીસે આ કેસમાં સૌથી વધુ લોકોની પૂછપરછ કરી હતી. પોલીસે આ તમામ પાસાઓને ધ્યાનમાં લઇ આરોપીની શોધખોળ શરૂ કરી હતી. મૃતકનો ફોન ચેક કરતા તે બહાર આવ્યું કે તેની પાંચમી પત્ની સ્વાતિ છેલ્લી ક્ષણે તેની સાથે સંપર્કમાં હતી. તે પછી પોલીસે સ્વાતિને તપાસ માટે બોલાવી હતી. પહેલા તો તે અસ્પષ્ટ જવાબો આપી રહી હતી, અંતે કડક પૂછપરછ દરમિયાન તેણે હત્યાની કબૂલાત આપી હતી. સ્વાતિએ તેના પતિ સુધી પહોંચવા માટે વપરાયેલી ઓલા કેબના ડ્રાઈવરનો પણ જવાબ નોંધ્યો છે.

આરોપી સ્વાતિને ત્રણ મહિના પહેલા એક પુત્રી જન્મી હતી, તેથી તેના પતિને તેના પર શંકા હતી. તેને જાણ થઈ હતી કે તેનું સ્કૂલ બસ ડ્રાઈવર સાથે અફેર હતું. ત્યારથી મૃતક આરોપી પાસે તેના પહેલા બાળકનો કબજો દેવાનું કહેતો હતો.. આરોપી મહિલાએ તેના પેન્શન ખાતાનું એટીએમ કાર્ડ પણ લઈને રાખ્યું હતું. જેને લઈને બંન્ને વચ્ચે વારેઘડીએ ઝઘડા થતા હતા.

# મહાશિવરાત્રીના દારૂના નશામાં પૂજા કરતા ગળાનો હાર ત્રિશૂળમાં અટવાતા વૃધ્ધનું મોત

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૨

વર્ધામા શંકરભગવાનનું ત્રિશૂળમા એક વૃધ્ધ માણસ માટે મૃત્યુનું કારણ બન્યુ હતુ. એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે જેમાં ત્રિશૂળમાં ગરદન અટવાયાને કારણે વૃધ્ધનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમા જાણવા મળ્યુ છે કે મહાશિવરાત્રીના દિવસે તે વૃધ્ધે નશો કર્યા બાદ પૂજા કરવા જતા આ ઘટના બની છે. આ ઘટનાથી બધે ચકચાર મચી છે.

વર્ધા જિલ્લાના હિંગળાઘાટ તાલુકાના અલીપુર ખાતેના ભવાની વોર્ડમાં બની હતી. વિશ્વનાથ ટિકારારમ ટેકામ,(૬૦) અને તેની પત્ની બંને ત્યાં રહેતા હતા. મહાશિવરાત્રીની બપોરે તેની પત્ની ઘરની બહાર ગઈ હતી. આ સમયે વિશ્વનાથ ટેકામ ઘરમાં ભગવાન શિવની ઉપાસના કરી રહ્યા હતા.

મહાશિવરાત્રી પર ભગવાન ત્રિશુલાની ઉપાસનાનું વિશેષ મહત્વ છે. દેશના ઘણા ભાગોમાં, કોઈની ઈચ્છા પૂરી થયા પછી ત્રિશુલ મંદિરમા ભેટ આપવાનો રિવાજ છે. વિશ્વનાથે બપોરે નશો કર્યો હતો. તેમના ઘરે પૂજા માટે ત્રિશૂળ ઉભુ રાખવામા આવ્યુ હતુ. બપોરે જ્યારે કોઈ ન હતું ત્યારે તેણે નશામાં ધૂત થઈ ઘરે મહાશિવરાત્રીની પૂજા કરી. તે પછી તેણે ગળા પાસે ત્રિશુલ ધરતા તેની ધાર લાગતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટના ગુરુવારે બપોરે બની હતી, પરંતુ સાંજે પ્રકાશમાં આવી હતી. આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ અલીપુર પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે બનાવની તપાસ કરી લાશને વધુ તપાસ માટે હોસ્પિટલ મોકલી આપી હતી. અચાનક મોતને કારણે વિસ્તારમાં શોક વ્યાપી ગયો છે અને મોત કેવી રીતે બન્યું તે સવાલ છે.

થાણેદાર શૈલેષ શેલકેના જણાવ્યા મુજબ, વિશ્વનાથ ટેકામ નશો કર્યો હશે. આ ઉપરાંત, ગળ્મા હાર પહેરતી વખતે સંતુલન ખોવાઈ ગયું હોવાના અહેવાલ પણ મળ્યા છે. અલીપુર પોલીસે થાણેદાર શૈલેષ શેલ્કેના માર્ગદર્શન હેઠળ આગળની તપાસ હાથ ધરી છે.

# મુંબઈમાં વિસ્ફોટકોથી ભરેલા વાહનનું ઈન્ડિયન મુજાહિદ્દીન કનેક્શન અને તિહાર જેલમાં જોડાણ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૨

મુંબઈની દક્ષિણ મુંબઈમાં વિસ્ફોટકોથી ભરેલા મહિન્દ્રા સ્કોર્પિયોના કેસમાં ઈન્ડિયન મુજાહિદ્દીન અને તિહાર જેલમા જોડાણ સામે આવ્યું છે. જાણવા મળ્યું છે કે જે ટેલિગ્રામ ચેનલમાંથી કારમાંથી ધમકીભર્યો પત્ર મળ્યો હતો તે દિલ્હીની તિહાડ જેલ સાથે તેનું જોડાણ બહાર આવ્યું છે.. તિહાડ જેલ પ્રશાસન દ્વારા ફોન કબજે કરવામાં આવ્યો હતો અને શુક્રવારે આ કેસની તપાસ કરી રહેલા વિશેષ સેલને સોંપવામાં આવશે.

તિહાર જેલમાં બંધ ભારતીય મુજાહિદ્દીન આતંકવાદી તહસીન અખ્તરના સેલમાંથી એક મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યો છે. તે



જ મોબાઈલમાંથી ધમકીભર્યો મેસેજ બનાવવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આ મોબાઈલમાંથી વર્ચુઅલ મોબાઈલ નંબર બનાવવામાં આવ્યો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે તે નંબર પરથી પહેલા ટેલિગ્રામ એકાઉન્ટ બનાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેમાંથી ધમકીભર્યું પોસ્ટર બનાવવામાં આવ્યું હતું. ગુરુવારે સાંજે ૬ થી ૯ વાગ્યાની વચ્ચે એક વિશેષ સેલની ટીમે તિહાર જેલ ખાતે કામગીરી હાથ ધરી હતી. ઓપરેશન દરમિયાન જેલ નંબર ૮ માંથી મોબાઈલ ફોન કબજે કરાયો હતો. આ કેસમાં બીજો નંબર તપાસ ટીમના રડાર પર છે. આ નંબર સપ્ટેમ્બરમાં સક્રિય થયો હતો. ત્યારબાદ તે બંધ કરાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તેહસીન વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પટનામા,ગાંધી મેદાનની રેલીમાં બોમ્બ વિસ્ફોટોમાં, હૈદરાબાદ અને બુદ્ધ ગયામાં સામેલ હતા,તેને ૨૦૧૩ ના હૈદરાબાદ બોમ્બ બ્લાસ્ટમાં ફાંસીની સજા આપવામાં આવી હતી. ઈન્ડિયન મુજાહિદ્દીનના આતંકવાદી યાસીન ભટકલને પણ આ જ કેસમાં ફાંસીની સજા ફટકારવામાં આવી છે.

તેહસીનને તિહાર જેલથી દિલ્હી પોલીસના વિશેષ સેલમાં ખસેડવામાં આવશે. તેહસાનીની પૂછપરછથી આ કેસમાં નવી માહિતી બહાર આવે તેવી સંભાવના છે.

દરમિયાન, એનઆઈએને આ સંદર્ભમાં મોટી સફળતા મળી છે. વિસ્ફોટકોથી ભરેલી સ્કોર્પિયો કારમાં પાર્ક કરેલી સફેદ ઈનોવા કારમાં બે શંકાસ્પદ લોકો નાસી ગયા હતા. એનઆઈએ ટીમમાં તે ઈનોવા કાર વિશે ઘણી માહિતી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર એવું કહેવામાં આવી રહ્યું છે કે વ્હાઈટ ઈનોવા કાર અંગે મોટો ખુલાસો ટૂંક સમયમાં કરવામાં આવશે.

# પોલીસ ભરતી અંતર્ગત રાજુલામાં એક દિવસીય સેમિનારનું આયોજન

ચક્રવાત ટીમ રાજુલા, તા.૧૧

આગામી દિવસોમાં ગુજરાત પોલીસમાં આવનારી ભરતી પી.એસ.આઈ. એ એસ આઈ કોસ્ટેબલ જેવી ભરતીઓમાં સફળ થવા માટે જાફરાબાદ રાજુલા ખાંભા અને આજુબાજુના ગામડાઓમાં પોલીસની તૈયારી કરતા યુવાનો/ યુવતીઓને માર્ગદર્શન મળી રહે તે માટે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવનાર છે આ સેમિનાર રાજુલા ખાતે રાખવામાં આવશે અને સેમિનારમાં જોડવા માટે મોબાઈલ નંબર ૯૮૭૯૮ ૪૧૫૬૭ પર રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે રજીસ્ટ્રેશન કરવનાર વ્યક્તિને સેમિનારની તારીખ સ્થળ અને સમય ટેલીફોન રીતે જાણ કરવામાં આવશે. આ સેમિનાર મિશન પે બેક ટુ સોસાયટી પોરબંદર અને યંગ યુથ સોશિયલ વેફર ચેરીટેબલ ટ્રસ્ટ જાફરાબાદના મિત્રો તરફથી વિનામૂલ્યે કરાવવામાં આવશે આ સેમિનારમાં સફળ થયેલા અધિકારીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે આ બાબતની પ્રેસનોટ એડવોકેટ અરવિંદભાઈ ખુમાણ કાનૂની લડાઈ સમિતિ રાજુલાની યાદીમાં જણાવવામાં આવે છે.

# ચણાની ખરીદીમાં યોગ્ય વળતર આપવા ભગુભાઈ વાળાની માંગ

ચક્રવાત ટીમ વેરાવળ, મુંબઈ, ૧૨

આ વખતે હાલમાં સરકારે ચણાની સરકારી ખરીદીમાં ૧૨૫ મણ ને બદલે માત્ર ૫૦ મણ ની ખરીદી કરવામાં આવતા ખેડૂતોને પારાવાર મુશ્કેલીઓ ભોગવવી પડેલ હોવાના કારણે ખેડૂતોમાં રોષ ની લાગણી ફેલાયેલ છે કારણ કે આ વખતે સરકારે ખેડૂતો પાસેથી કેટલા ચણા ખરીદશે તે અંગે ની સંપુર્ણ સ્પષ્ટતા કરવાનું ટાળેલ હોય રજીસ્ટ્રેશન માં ચણાની ખરીદી કેટલી કરશે તે અંગે ની કોઈ ચોક્કસ સ્પષ્ટતાં કરવામાં ના આવતા ખેડૂતો પ્રત્યેનું ઓરમાર્યુ વર્તન ફલિત થાય છે હાલ મોંઘવારી ખર્ચ વધી રહ્યા છે અને તે મુજબ ખેડૂતોને પોષણક્ષમ ભાવ નો મળતા આ સાલ મબલખ ઉત્પાદન થવાના કારણે ખુલ્લી બજારમાં ખેડૂતોનું શોષણ થઈ રહેલ છે.

# ઈંડિયન નેવીએ સમુદ્રમાં માલવાહક જહાજને ટેકનીકી સહાયતા પૂરી પાડી



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૨

ઓમાનના અખાતમાં તૈનાત આઈ.એન.એસ. તલવારને ૧૧ માર્ચ ૨૦૨૧ના રોજ ફસાયેલા વેપારી માલવાહક જહાજ એમ. વી. નયને ટેકનીકી સહાયની વિનંતી કરી. ઓમાનથી ઈરાક જવાના માલવાહક જહાજ પર, તેના વીજ ઉત્પાદન, મશીનરી અને નેવિગેશનલ સાધનોની નિષ્ફળતાને કારણે ૯ માર્ચ ૨૧ થી દરિયામાં ફસાયુ હતુ..

એમ.વી.નયનની તકલીફ અંગેના પ્રારંભિક હવાઈ આકારણીને આધારે, ભારતીય નૌકા શિપએ તેની વીબીએસએસ (વિઝિટ બોર્ડ, સર્ચ અને જપ્તી) ની ટીમ સાથે બોટ દ્વારા ટેકનીકી ટીમ રવાના કરી હતી, જેમાં તેના ક્રૂ તરીકે સાત ભારતીયો હતા. નૌકાદળની ટીમો એમ.વી. નયને તેના સાધનસામગ્રીને સંચાલિત કરવા માટે સાત કલાક સતત કાર્યરત રહી. બંને જનરેટર, સ્ટીઅરીંગ પમ્પ, સી વોટર પમ્પ, કોમ્પ્રેસર અને મુખ્ય એન્જિન, જેનાથી વહાણ ફરીથી દરિયામા ફરીથી કામ કરતુ થયુ હતુ. એમવી નયન તેના આગલા બંદરે આગળ વધે તે પહેલાં નૌકાદળની ટીમે પણ જીપીએસ અને નેવિગેશન લાઈટ જેવા સંશોધક સાધનોના સંચાલનમાં મદદ કરી.

# નાલાસોપારામા વીડિયો કોલ ઉપર એક યુવકને અશ્લીલ વર્તન કરવા પ્રોત્સાહિત કર્યો

## દિલ્હીની યુવતી પર ગુનો દાખલ

ચક્રવાત ટીમ, મુંબઈ, તા. ૧૨

નાલાસોપારાના એક યુવકને વીડિયો કોલ ઉપર એક દિલ્હીની યુવતી દ્વારા અશ્લીલ વર્તન કરવા પ્રોસાહિત કરી તેની પાસેથી ખંડણી માંગવામાં આવી હતી. યુવક ખંડણી ચૂકવવામાં નિષ્ફળ થયા પછી વીડિયો પ્રસારિત થયો હતો. દિલ્હીની યુવતી સામે તુલિંજ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

નાલાસોપારામા રહેતો ૨૪ વર્ષના યુવકને ફેસબુક પર દિલ્હીની નેહા શર્મા નામની યુવતી સાથે ઓળખાણ થઈ હતી તે પછી, બંનેએ સોશિયલ મીડિયા 'વોટ્સએપ' દ્વારા વાત શરૂ કરી. આ સમયે આરોપી નેહાએ યુવકને વીડિયો કોલ પર અશ્લીલ કૃત્ય (સેક્સ ચેટ) કરવા જણાવ્યું હતું. તેના આગ્રહ પર તેની સાથે વીડિયો કોલ પર અશ્લીલ વર્તન કરી રહ્યો હતો. જો કે, આ વીડિયોના આધારે યુવતીએ યુવક પાસેથી ૫૦૦૦ રૂપિયાની ખંડણી માંગી હતી. ખંડણી ચૂકવવામાં નહીં આવે તો વીડિયો પ્રસારણ કરવાની ચીમકી આપી હતી.યુવકે તેની ધમકીનો જવાબ ન આપ્યો હોવાથી આરોપીએ તે યુવકના મિત્રોને વીડિયો મોકલીને બદનામી કરી હતી.

આ વાતની જાણ થતાં તે તુલિંજ પોલીસ મથકે દોડી ગયો હતો અને ફરિયાદ નોંધાવી હતી. આરોપી યુવતી વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

# પુણેની શાળાઓ ૩૧ માર્ચ સુધી બંધ રહેશે કોરોના સંક્રમણ રોકવા રાતથી સખત પ્રતિબંધો

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૨

પુનામાં કોરોનાવાયરસ કંઈક અંશે ભયજનક છે પુનાએ દેશના એક એવા જિલ્લાઓમાંથી એક છે જેમાં સૌથી વધુ કોરોના દર્દીઓ છે. આ સમયે, પૂણેમાં કેટલાક કડક પ્રતિબંધો લગાવાયા છે. પુનામાં લોકડાઉન લાગુ કરાયું નથી અને કડક પ્રતિબંધો લાદવામાં આવશે. વિભાગીય કમિશનરે પત્રકાર પરિષદમાં આ અંગે માહિતી આપી હતી. તેમણે નાગરિકોને કોવિડના નિયમોનું પાલન કરવાની અપીલ કરી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે વહીવટ તેમની ઉપર નજર રાખી રહ્યા છે.

વિભાગીય કમિશનરે માહિતી આપી છે કે ૩૧ માર્ચ સુધી શાળાઓ બંધ રહેશે. ૧૦ અને ૧૨ ના વર્ગના વિદ્યાર્થીઓને છૂટ આપવામાં આવી છે. સર્વે અને સંપર્ક ટ્રેસીંગ પણ રજૂ કરવામાં આવશે. તેમણે માહિતી આપી કે વાલી મંત્રી સાથેની બેઠકમાં આ પ્રતિબંધો નક્કી કરવામાં આવ્યા હતા. પ્રતિબંધો હેઠળ, હોટલ અને રેસ્ટોરન્ટ્સ રાત્રે ૧૦ વાગ્યે પછી બંધ રહેશે અને તેમની કુલ ક્ષમતાના માત્ર ૫૦ ટકા જ સેવા આપી શકશે. પાર્સલ સેવા ૧૧ વાગ્યા સુધી ચાલુ રહેશે. આ કડક નિયંત્રણો શુક્રવાર ૧૨ માર્ચ ૨૦૨૧ રાતથી લાગુ કરવામાં આવશે. પુણેમાં રાત્રે ૧૧ થી સવારે ૬ વાગ્યા સુધી કરફ્યુ લાગુ રહેશે. વિવિધ સ્થળોએ આવેલા બગીચાઓ સાંજે બંધ રહેશે. કોઈ પણ પરિવારના કાર્યક્રમમાં ૫૦ થી વધુ લોકો ભાગ લઈ શકશે નહીં તેમ વિભાગીય કમિશનરે જણાવ્યું હતું. મોલ્સ અને સિનેમાઘરો રાતના ૧૦ વાગ્યે બંધ થશે. આ ઉપરાંત પાંચથી વધુ લોકો ટપરી અથવા જાહેર માર્ગો પર ઉભા રહી શકશે નહીં, અને સોસાયટીમાં ક્લબ હાઉસ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. લાઈબ્રેરી પણ ૫૦ ટકા ક્ષમતા પર લોકો માટે ખુલ્લી રહેશે. આ દરમિયાન ઓફિસનું કામ તેમના શેડ્યૂલ મુજબ ચાલુ રહેશે.

પુના, નાગપુર, થાણે, મુંબઈ, અમરાવતી, જલગાંવ, નાસિક અને ઔરંગાબાદમાં દેશમાં સૌથી વધુ સક્રિય કોરોના દર્દીઓ છે. પુણેમાં હાલમાં ૧૮,૪૭૪ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. તે પછી અનુક્રમે નાગપુર, થાણે અને મુંબઈ છે.

# એઆઈપીએમએ દ્વારા એમએસએમઈને ઝડપથી વૈશ્વિક ધોરણોની સમકક્ષ લાવવા માટે એએમટીઈસીની રજૂઆત

ચક્રવાત ટીમ,મુંબઈ તા. ૧૨

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પહેલ આત્મનિર્ભર ભારત અભિયાન અનુસાર ધ ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક્સ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (એઆઈપીએમએ) દ્વારા હાલમાં મુંબઈમાં અરવિંદ મહેતા ટેકનોલોજી એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ સેન્ટર(એએમટીઈસી) લોન્ચ કરવામાં આવ્યું હતું. આ સેન્ટર મુખ્યત્વે એમએસએમઈ પર કેન્દ્રિત ભારતીય પ્લાસ્ટિક્સ અને તેના ઉપયોગિતા ઉદ્યોગમાં ઉત્તમ વ્યવહારો અને નવી ટેકનોલોજીઓ લાવવાના લક્ષ્ય સાથે રજૂ કરવામાં આવ્યું હતું.




એઆઈપીએમએના પ્રેસિડેન્ટ શ્રી ચંદ્રકાંત તુરખિયાએ ઘોષિત કર્યું કે પ્લાસ્ટિક ઉદ્યોગના કાજ અને એઆઈપીએમએ માટે શ્રી અરવિંદ મહેતા દ્વારા ૩૦થી વધુ વર્ષની એકધારી સેવા અને સમર્પિતતાના આદારરૂપે સેન્ટર ઓફ એક્સલન્સને એઆઈપીએમએ અરવિંદ મહેતા ટેકનોલોજી એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ સેન્ટર (એએમટીઈસી) નામ અપાયું છે.

એઆઈપીએમની એએમટીઈસી દ્વારા પ્લાસ્ટિક અને તેના ઉપયોગિતા ઉદ્યોગની ઝડપી વૃદ્ધિ માટે ઉચ્ચ ગુણત્તાનું જ્ઞાન અને ઔદ્યોગિક સેવાઓને પ્રમોટ કરવાના ધ્યેય સાથે સેન્ટર ઓફ એક્સલન્સ ફોર પ્લાસ્ટિક્સ પ્રોડક્ટ ઈનોવેશન એન્ડ એપ્લિકેશન સ્થાપવાની ઘોષણા કરી હતી. સેન્ટર ઓફ એક્સલન્સ એમએસએમઈને પ્રોડક્ટોની ડિઝાઈન, વિકાસ અને ઝડપી રજૂઆત માટે એકંદર સમય ઓછો કરવામાં મદદરૂપ થશે, જેને કારણે બજારમાં ગતિ વધશે અને બજાર બજારમાં ચીનને પછડાટ આપી શકાશે. સેન્ટર ભારતીય પ્લાસ્ટિક ઉદ્યોગને તેનો વૈશ્વિક બજાર હિસ્સો આગામી ત્રણ વર્ષમાં ૧૦ અબજ ડોલર પરથી વધારીને ૨૦ અબજ ડોલર સુધી લઈ જવામાં મદદરૂપ થશે.

એએમટીઈસી સોફ્ટવેર ડિઝાઈન, સેન્ટર ફોર રિવર્સ એન્જિનિયરિંગ અને સેન્ટર ફોર એડિટિવ મેન્યુફેક્ચરિંગ માટે કેન્દ્ર થકી એક છત હેઠળ ઉદ્યોગને પરિપૂર્ણ સેવા આપશે. એઆઈપીએમનું એએમટીઈસી ગતિશીલ બજારની જરૂરતોના પ્રતિસાદમાં ટેકનોલોજિકલ આગેવાની અને ઉત્પાદન ઉત્કૃષ્ટતા થકી ઉત્તમ મૂલ્ય પ્રદાન કરવામાં મદદ કરશે, જેને લઈ ઘરઆંગણાની અને નિકાસ વૃદ્ધિ થઈને ભારત પ્લાસ્ટિક ઉત્પાદનો માટે વૈશ્વિક સેવા કેન્દ્ર બની જશે. એએમટીઈસીએ પ્લાસ્ટિક ઉદ્યોગની વૃદ્ધિ અને સક્ષમતાની ખાતરી ભવિષ્ય માટે પાયાનો પથ્થર રચ્યો છે.

# ક્રૂડ તેલમાં ૨૧,૯૯,૫૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૩નો મામૂલી ઘટાડો

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૨

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને કોમોડિટી ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૭૩૮૩૮ સોદામાં રૂ.૧૨૦૫૫.૨૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં કડાકો બોલાઈ ગયો હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪૨ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧,૨૪૬ તૂટ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં ૨૧,૯૯,૫૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં બેરલદીઠ રૂ.૩નો મામૂલી ઘટાડો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં સીપીઓ, મેન્થા તેલ, કપાસમાં સાર્વત્રિક નરમાઈ હતી, જ્યારે રબરમાં સુધારો વાયદાના ભાવમાં થયો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૪૧૭૭ સોદાઓમાં રૂ.૫૮૮૧.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૭૪૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૭૭૨ અને નીચામાં રૂ.૪૪૩૦૪ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૪૨ ઘટીને રૂ.૪૪૩૩૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૯૮ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૫૭૮૦ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૨ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૪૪૪ થયા હતા, જ્યારે સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૩ ઘટીને બંધમાં રૂ.૪૪૩૭૩ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૭૨૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૭૨૫૯ અને નીચામાં રૂ.૬૬૧૭૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૪૬ ઘટીને રૂ.૬૬૨૯૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૧૧૭૫ ઘટીને રૂ.૬૬૪૧૬ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ.૧૧૫૮ ઘટીને રૂ.૬૬૪૨૪ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૧૨૨૭ સોદાઓમાં રૂ.૨૦૫૨.૯૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૭૭૮ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૨૫ અને નીચામાં રૂ.૪૭૬૫ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩ ઘટીને રૂ.૪૭૯૩ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૨૧૧ સોદાઓમાં કુલ રૂ.૪૭૪.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન માર્ચ વાયદો ગાંસડીદીઠ રૂ.૨૨૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૧૬૦ અને નીચામાં રૂ.૨૧૯૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩૦ ઘટીને રૂ.૨૧૯૮૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૧૩૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૭ ઘટીને બંધમાં રૂ.૧૧૩૨.૪ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૩ અને નીચામાં રૂ.૯૫૦.૨ રહી, અંતે રૂ.૯૫૮.૩ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૬૦.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૬૨ અને નીચામાં રૂ.૧૨૫૭.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે ૫૦ પૈસા ઘટીને રૂ.૧૨૬૦ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૫૯૪૬ સોદાઓમાં કુલ રૂ.૩૨૨૧.૩૩ કરોડ ની કીમતનાં ૭૨૨૭.૭૭૯ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૮૨૩૧ સોદાઓમાં કુલ રૂ.૨૬૬૦.૫૧ કરોડ ની કીમતનાં ૩૯૮.૬૩૬ ટન, ક્રૂડ તેલમાં ૧૫૯૯૪ સોદાઓમાં રૂ.૧૦૫૪.૪૩ કરોડનાં ૨૧૯૯૫૦૦ બેરલ્સ, કોટનમાં ૮૯૪ સોદાઓમાં રૂ.૧૨૦.૧૨ કરોડનાં ૫૪૧૦૦ ગાંસડી, સીપીઓમાં ૨૨૦૭ સોદાઓમાં રૂ.૩૫૦.૧૦ કરોડનાં ૩૧૦૯૦ ટન.

# સુરેન્દ્રનગરના પાટડીમાં અમૃત મહોત્સવની ઉજવણી કરાઈ



ચક્રવાત ટીમ પાટડી, તા.૧૨

આઝાદીના અમૃત મહોત્સવની વિધિવત ઉજવણી... દાંડીયાત્રાના ઐતિહાસિક દિવસથી વડાપ્રધાન મોદીના દ્વારા જ્યારે થઈ રહી છે ત્યારે, દાંડીયાત્રા અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના પાટડી ખાતે પણ તે વખતે ૭૫ સ્વાતંત્ર્ય સેનાનીઓ પણ ખારાઘોડા ખાતે પ્રતિકાત્મક કાર્યક્રમ કરેલ અને તેની યાદમાં આજે પાટડી કડવાપાટીદાર હોલ ખાતે વહીવટી તંત્ર દ્વારા માન. ધારાસભ્ય કિરીટસિંહ રાણાની અધ્યક્ષતામાં તાલુકા વહીવટી તંત્ર દ્વારા પ્રાંત અધિકારી ઋતુરાજસિંહ જાદવના માર્ગદર્શનમાં યોજવામાં આવેલ જેમાં સુરેન્દ્રનગર કલેકટર કે. રાજેશ, વણોદ સ્ટેટ ઈનાયતખાનજી રાઠોડ, જૈનાબાદ સ્ટેટ શબ્બીરમહમ્મદખાનજી મલેક, બજાણા સ્ટેટ યુવરાજ શહેરખાનજી મલેક, પૂર્વ પ્રમુખ જિલ્લા ભાજપ દિલીપભાઈ પટેલ, સુખદેવભાઈ પટેલ સંસ્થાપક ગણતર સંસ્થા, જેવા મહાનુભાવો અને મામલતદાર સહિતના તાલુકાના કર્મચારી અધિકારીઓએ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહી પ્રેરણા પુરી પાડેલ. આ કાર્યક્રમ અંતર્ગત ખારાઘોડાથી સાયકલ યાત્રા પાટડી ચાર રસ્તા ગાંધીજીની પ્રતિમા સુધી કરવામાં આવેલ ત્યાં મહાનુભાવો દ્વારા મહાત્માજીની પ્રતિમાને નમન કરી પાટડી નગરના મુખ્ય માર્ગ પર રેલી શરૂ કરાવેલ જે શ્રી કડવાપાટીદાર હોલ ખાતે સભામાં ફેરવાયેલ જ્યાં મહાનુભાવોના સ્વાગત સાથે પૂર્વ રાજવીઓનું સન્માન પણ કરવામાં આવેલ, આ કાર્યક્રમમાં સુખદેવભાઈ પટેલ દ્વારા ગાંધીજીની વર્તમાનમાં પ્રાસંગિકતા સાથે ગાંધીજી એક શ્રેષ્ઠ વ્યૂહ રચનકાર તરીકેની વાત ખૂબ જ રોચક રીતે મુકવામાં આવી હતી, દિલીપભાઈ પટેલ, કલેક્ટર તેમજ કિરીટસિંહ રાણા દ્વારા પણ પ્રેરક ઉદબોધન કરવામાં આવેલ. કુલ મળીને દાંડી યાત્રાના ઈતિહાસને તાજો કરાવી વર્તમાન પેઢીને ભવિષ્યમાં આત્મનિર્ભરતાના ભાવ સાથે તૈયાર થાય તેવો સંદેશ આપવાનો પ્રયત્ન તેમજ મહાનુભાવોને સબરસ અર્પણ કરી સબરસથી સમરસ સમાજના વિચાર સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રવચન સહિતના જીવંત કાર્યક્રમનું પ્રસારણ પણ કરવામાં આવેલ હતું. ખૂબ જ સરહાનિય કાર્યક્રમ વહીવટી તંત્ર દ્વારા યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા તાલુકાના વહીવટી તંત્રનો પ્રયાસ અભિનંદનીય રહ્યો.

# રાજકોટ-માડા-ડુંગરના ચકચારી ભર્યા મર્ડરના કેસમાં આરોપીના ગુજરાત હાઈકોર્ટ દ્વારા જામીન મંજૂર



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૨

બનાવની ટૂંકમાં હકીકત એવી કે, રાજકોટ ખાતેના આજી ડેમ ચોકડી પાસે આવેલ માડા-ડુંગર વિસ્તાર માં તારીખ ૨૩/૦૩/૨૦૨૦ ના રોજ આંબેડકર નાગરમાં રેહનાર ભરત નાથા મકવાણા કે જેઓ નાઓ જેલ માં આજ ફરિયાદના આરોપી નામે ઈશ્વર કેસુ મકવાણાના ભાઈના ખૂનના ગુનહામાં હોય પેરોલ ઉપર છૂટેલ હતા અને ૨૩/૦૩/૨૦૨૦ રાત્રિ ના સમયે ત્યાં જ રેહતા ૧.ઈશ્વર કેસુ મકવાણા ૨.અનિલ લખુભાઈ પરમાર ૩. ભરત ભૂપત બારૈયા. ઉપર ભરત નાથા મકવાણાના ની હત્યા કરવાનો ગુન્હો તારીખ ૨૩/૦૩/૨૦૨૦ના રોજ આઈપીસી ૩૦૨,૧૧૪, જી.પી એક્ટ ની કલમ ૧૩૫(૧),એટ્રોસીટી એક્ટ ની કલમ ૩(૨) મુજબની ફરિયાદ આજી ડેમ પોલિસ સ્ટેશન ખાતે નોંધાયેલ હતી. ત્યારબાદ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.તેથી માર્ચ ૨૦૨૦ થી જ્યુડિશિયલ કસ્ટડીમાં હતા. ત્યારબાદ અરજદાર અનિલ લખું પરમાર દ્વારા રાજકોટ, સેસન્સ કોર્ટમાં જમીન મુક્તા નામદાર કોર્ટ દ્વારા જમીન નામંજૂર કરવામાં આવેલ હતા. ત્યાર બાદ અરજદાર દ્વારા નામદાર ગુજરાત હાઈ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવેલ હતી. અરજદાર તરફથી ગુજરાત હાઈ કોર્ટમાં વરિષ્ઠ એડવોકેટ પ્રશાંત ચાવડાએ ધારદાર રજૂઆત કરેલ. જેના ભાગ રૂપે નામદાર ગુજરાત હાઈ કોર્ટે અડવોકેટ પ્રશાંત ચાવડાની રજૂઆત અને બચાવના મુદ્દા ગ્રાહ્ય રાખીને તારીખ ૧૨/૦૩/૨૦૨૧ના રોજ અરજદારને જામીન ઉપર મુક્ત કરેલ છે.

# પાલઘરમાં જવાહરમાં આશ્રમની શાળાના વિદ્યાર્થીઓ સહિત ૫૧ કોરોના પોઝિટીવ

ચક્રવાત ટીમ,મુંબઈ તા. ૧૨

જવાહર તાલુકામાં અચાનક કોરોનાનું સંક્રમણ ફેલાતા આરોગ્ય વિભાગ ચિંતાતુર છે, જેની અસર આશ્રમ શાળાના વિદ્યાર્થીઓ સહિત શિક્ષકો તેમજ કેન્દ્રીય રસોડામાં કામ કરતા કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયાનું સામે આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૭૨ દર્દીઓની ઓળખ કરવામાં આવી છે.

તાલુકાની હીરાદપાડા સરકારી આશ્રમ સ્કૂલના ૩૭ વિદ્યાર્થીઓ,,ત્રણ શિક્ષકો વિનવાલ ખાતે સરકારી સેન્ટ્રલ કિચનમાં કામ કરતા આદિજાતિ વિકાસ વિભાગના ૧૬ કર્મચારીઓએ કોરોનાવાયરસથી સંક્રમિત થયા છે. તે સાથે જવાહર નગર પરિષદ વિસ્તારમાં પણ નવ દર્દીઓ મળી આવ્યા હતા. છેલ્લા બે-ચાર દિવસમાં આ દર્દીઓ મળી આવ્યા છે. જવાહર તાલુકો ફરી એકવાર મોટી સંખ્યામાં દર્દીઓના કારણે ચર્ચાનો વિષય બન્યો છે. આ દર્દીઓમા નજીવા લક્ષણો છે અને તેમાંથી કેટલાકને વિક્રમગડ સ્થિત રિવેરા કોરોના સારવાર કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા છે. તાલુકાના હીરાદપાડા ખાતે સબસિડીવાળી આશ્રમ શાળામાં નવથી બારમા ધોરણમાં અભ્યાસ કરતા નવ વિદ્યાર્થીઓને એક જ સમયે તાવ, શરદી અને ખાંસીથી પીડાતા હોવાથી ડોકટરોને શંકા આવતા. તેમના એન્ટિજેન કરવામા આવતા બહાર આવ્યું છે કે બધા કોરોનાથી સંક્રમિત થયા છે. આશ્રમ સ્કૂલના વિદ્યાર્થીઓ અને હિરદપાડા ગામના નાગરિકોની તાત્કાલિક તપાસ કરવામાં આવી હતી અને શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફ સહિત ૪૦ દર્દીઓ મળી આવ્યા હતા. આનાથી આરોગ્ય વિભાગની ચિંતાઓમાં વધારો થયો છે. આ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોની તપાસ ચાલી રહી છે.

# ગીર ગઢડાના ધોકડવામાં આંગડવાડી કાર્યકર તથા આશાવર્કર બહેનોનું સન્માન



ચક્રવાત ટીમ ગીર ગઢડા, તા.૧૨

ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામમાં નદીના સામા કાંઠા વિસ્તારમાં આંગણવાડી કાર્યકર, આશા વર્કર તેમજ અન્ય મહિલા સભ્યો દ્વારા મળીને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ શિબિર નુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉના પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર (મહિલા સહાયતા) ના કાઉન્સેલર મનીષાબેન ગોહિલ, મહિલા સુરક્ષા સંઘ ગુજરાત ના સામાજિક કાર્યકર સી. એલ. પરમાર ભાઈ, તથા કંચનબેન ચૌહાણ વગેરે મહેમાનો ની ઉપસ્થિતિમાં કાર્યક્રમને આગળ વધારવામાં આવેલ. અને પુષ્પગુછ દ્વારા મહેમાનોનુ સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર બાદ ઉના પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરના કાઉન્સેલર મનિષાબેન ગોહિલ દ્વારા મહિલાઓને ઘરેલું હિંસા અધિનિયમ -૨૦૦૫ તથા કામકાજના સ્થળ પર જાતિય સતામણી અધિનિયમ -૨૦૧૩ સોશિયલ મીડિયા દ્વારા બ્લેક મેઈલ, પોકસોના ગુના, ઘરેલું હિંસા એટલે શું? હિંસા ના પ્રકાર, સ્ત્રીઓના રક્ષણના અધિનિયમ, ૪૯૮(ક),૧૨૫ ભરણપોષણ, સરકારી વકીલ નો લાભ કોર્ટમા કેવી રીતે મળે. વગેરે બાબતોથી મહિલા ઓને જાગૃત કરવામાં આવી. તથા સરકાર દ્વારા ચાલતી વિવિધ પ્રકારની યોજના ઓ જેમકે વહાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપ યોજના, અને હાલમાં જ બજેટ સત્રમાં બહાર પાડવામાં આવેલ ગંગા સ્વરૂપ પુનઃ લગ્ન યોજના અંતર્ગત મળતી સહાય અંગે ની માહિતી આપવામાં આવી. અને ત્યાર બાદ સી. એલ. પરમાર ભાઈ દ્વારા દિકરીઓને તથા મહિલાઓને સ્વરોજગારી ની વિવિધ યોજનાઓ અને તાલીમ કેવી રીતે મેળવી શકાય અને સરકાર દ્વારા લોનની સુવિધાઓ નો લાભ કેવી રીતે મેળવી શકાય છે. એ માટેની સમજ આપવામાં આવી. અને અંતે કંચન બેન એ શબ્દ દ્વારા આભાર વ્યક્ત કરી કાયેક્મ પૂર્ણ કરવામાં આવ્યો.

# ઊનાના પાતાપુરમાં સિંચાઈની કેનાલમાં ભંગાણ થતાં હજારો લીટર પાણી રસ્તા પર વેડફાયુ

### વાવરડા, નાઠેજ-પાતાપુર ત્રણેય ગામે જતા રસ્તા પર તળાવ જેવા દ્રશ્યો લોકો હેરાન પરેશાન



ચક્રવાત ટીમ ઊના, તા.૧૨

ઉના તાલુકાના પાતાપુર ગામના કાંદા વિસ્તારમાંથી પસાર થતી રાવલ સિંચાઈ યોજના હેઠળ ખેડૂતો પાકને પિયત માટે આપવામાં આવે છે. આ કેનાલમાં ભંગાણ થતા હજારો લીટર પાણીનો વેળફાટ થઈ રહ્યો હતો. સિંચાઈ યોજના હેઠળ પિયતનું પાણી ખેડુતોને કેનાલ દ્વારા ઉનાળુ સિઝન પાકને માટે આપવામાં આવતુ હોય છે. પરંતુ રાવલ સિંચાઈની કેનાલ તાલુકાના પાતાપર-વાવરડા-નાઠેજ આમ ત્રણેય ગામોમાં જવાનો રસ્તા હોવાથી લોકોની અવર જવર રહેતી હોય છે.

ખેડૂતોને રોજ વાડીએ જવાનો મુખ્ય રસ્તો આવેલ ત્યા રસ્તા પાસે પસાર થતી પાણીની કેનાલમાં ભંગાણ થતાં હજારો લીટર પાણી રસ્તા પર ફળી વળતા આજુબાજુના ખેડૂતોને પોતાના ખેતરે જવુ મુશ્કેલી પડી હતી. જોકે કેનાલનું અગાઉ જુનુ હોય તેમાં પી.સી.સી હલકુ ગુણવતાનું કામ થયેલ હોવાના કારણે કેનાલમાં ભંગાણ થતાં તમામ પાણી રસ્તા પર વેળફાટ થયેલ છે. અને ખેડૂતોને વાહન તેમજ બપોરના સમયે ટીફીન સહીતના સાધનો લઈ જવા મુશ્કેલી અનુભવી રહ્યા હતા. અને ખેડૂતોને પોતાના ખેતરે જવા ગોઠણ ડુબ પાણી માંથી ચાલીને જવાનો વારો આવ્યો હતો. આ વિસ્તારના લોકોમાં રાવલ ડેમ સિંચાઈ પેટા વિભાગ સામે રોષ વ્યક્ત કરેલ હતો.

રાવલ ડેમ સિંચાઈની કેનાલ પસાર થાય છે તે કેનાલનું કામ જુનુ અને નબળુ હોવાથી ગાબડુ પડેલ હતુ તે હલકી ગુણવતાનુ કામ કરેલ છે. તેમાં હાલ માટીથી બુરી દેવામાં આવેલ જેથી અઠવાડીયાથી ફોન કરી રજુઆત કરૂ છુ તેમ છતાં કામ થતુ નથી. અને આ પાણી રસ્તા પર ઉતરી આવતા ભારે મુશ્કેલી વેઠવી પડે છે.

પાતાપુર ગામની સીમ વાડી વિસ્તારમાં રહેતા રામભાઈ ભાલીયાએ જણાવેલ કે અહી ૧૨ વિધા જમીન આવેલી છે. ત્યારે ચોમાસામાં તો પાક લઈ શક્તા નથી પણ ઉનાળુ પાક લેવા માટે પાણીની જરૂરીયાત છે તો કેનાલનું પાણી રસ્તા પર વેળફાટ થતા પાક પણ લઈ શક્તા નથી.

# ઊનાના પૂર્વ ન.પા. પ્રમુખે કોરોના વેક્સીન લીધી




ચક્રવાત ટીમ ઊના, તા.૧૨

ઉના નગર પાલીકાના પૂર્વ પ્રમુખ કાળુભાઈ રાઠોડે આજરોજ કોરોના વેક્સીનનો પ્રથમ ડોઝ લીધો હતો. અને તેમણે લોકોને કોરોનાની વેક્સીન લેવા અપીલ કરી હતી.

# ઘાંટવડ ગામના વિશ્વ વિખ્યાત રૂદ્રેર મહાદેવ મંદિરથી ગામના રસ્તામાં ખાડારાજથી હાલાકી



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૨

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં ઘાંટવડ ગામ એટલે ઘણી મોટી વસ્તી ધરાવતું તેમજ જંગલ અને ખનિજ સંપતિથી સમ્રુદ્ધ વિસ્તાર અને આજુબાજુ ના ગામના લોકો માટે વેપારનું કેન્દ્ર. અહીં આજુબાજુ જંગલ વિસ્તાર તેમજ જમદગ્નિ રુષિનો આશ્રમ તેમજ વિખ્યાત જમજીર ધોધ આવેલો છે. આ ભૂમિમાં જ વિશ્વ વિખ્યાત રૂદ્રેર મહાદેવ મંદિર આવેલ છે જ્યાં ઘણા શ્રદ્ધાળુઓ દર્શન આવતા હોય છે, આ મંદિર અને આશ્રમ થી ગામના રસ્તામાં ખાડારાજ જોવા મળે છે. જેની હાલાકી લોકોને ભોગવવી પડતી હોય છે. મુસ્લિમ એકતા મંચ ના તાલુકા પ્રમુખ પણ શબિર સેલોત ના કહ્યા પ્રમાણે અનેકવાર રજૂઆતો કર્યા છતાં પણ આજ દિવસ સુધી કોઈ જ નક્કર પગલાં તંત્ર દ્વારા ભરવામાં આવ્યાં નથી. વધુમાં જણાવવાનું કે ઘાંટવડ ગામમાં જ નહિ આ પ્રકારના પ્રશ્નો કોડીનાર તાલુકાના ઘણા ગામમાં જોવા મળે છે, ઘાંટવડ ગામના એક જાગ્રુત નાગરિક તરીકે તેમજ એક સામાજિક સંગઠનના પ્રતિનિધિ તરીકે તેઓ એ વારંવાર અનેકવાર રજૂઆત કરી હોવા છતાં પણ આજ દિન સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. હવે લોકશાહીની ચોથી જાગીર મીડિયા દ્વારા આ લોક પ્રશ્નોને વાચા આપતા તંત્ર તેનો કોઈ ઉકેલ શોધે છે કે કેમ તે જોવું રહ્યું.

# ટ્રેમલેટ જેવી બોડી બનાવવા કેટલી ઓમલેટ ખાવી પડશે: સચિન તેંડુલકર

(જી.એન.એસ.)રાયપુર,તા.૧૧

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન સચિન તેંડુલકરે ઈંગ્લેન્ડના પૂર્વ ફાસ્ટ બોલર ક્રિસ ટ્રેમલેટ જેવી જ બોડી બનાવવા માગે છે. રાયપુરમાં રોડ સેફ્ટી વર્લ્ડ સિરીઝ રમી રહેલ સચિન તેંડુલકરે ઈંગ્લેન્ડ લીજેન્ડ્સના ફાસ્ટ બોલર ક્રિસ ટ્રેમલેટની સાથે એક તસવીર શેર કરી છે. સચિને ટ્રેમલેટની સાથે તસવીર શેર કરતાં જ ટ્વીટ કરીને પૂછ્યું કે, ટ્રેમલેટ જેવી જ બોડી બનાવવા માટે કેટલી ઓમલેટ ખાવી પડશે.

આ પહેલા ટ્રેમલેટે સચિન તેંડુલકરની સાથે તસવીર શેર કરતાં લખ્યું હતું, ‘‘મારા સર્વકાલિન હીરો અને નવા ટ્રેનિંગ પાર્ટનર.’’ સચિનને એ જ તસવીરને શેર કરતાં લખ્યું, ‘‘મારે ટ્રેમલેટ જેવી બોડી બનાવવા માટે કેટલી ઓમલેટ ખાવી પડશે?

નોંધનીય છે કે, ૭ ફુટ અને સાત ઈંચ લાંબા ક્રિસ ટ્રેમલેટ ઈંગ્લેન્ડ માટે ૧૨ ટેસ્ટ અને ૧૫ વનડે રમી ચૂક્યો છે. ટેસ્ટમાં તેના નામે ૫૩ અને વનડેમાં ૧૫ વિકેટ છે. ઉપરાંત તે એક ટી૨૦ મેચ પણ રમ્યો છે જેમાં તેણે બે વિકેટ લીધી હતી. ટ્રેમલેટે ઈંગ્લેન્ડ માટે પોતાની અંતિમ આંતરરાષ્ટ્રીય મેચ નવેમ્બર ૨૦૧૩માં રમી હતી.

# સુત્રાપાડા શહેરમાં નગરપાલિકા દ્વારા વેરા વસુલાત દરમિયાન એક મિલકત સીલ



ચક્રવાત ટીમ સુત્રાપાડા, તા.૧૨

સુત્રાપાડાનગરપાલિકા દ્વારા ચીફ ઓફિસર ના માર્ગદર્શન હેઠળ અને સરકારની ચુચના મુજબ સુત્રાપાડા નગરપાલિકામાં બાકી રહેલા મોટા માંગણદારો ને વેરા ની બાકી રહેલ રકમ ભરપાઈ ન કરતાં સુત્રાપાડા નગરપાલિકાના રિકવરી શાખાના સ્ટાફ દ્વારા કલમ ૧૩૨/૧૩૩ અન્વયે મોટા માંગણદારોની વસુલાત ન આવતા સુત્રાપાડા લીંબડાચોક વિસ્તારમાં આવેલ મિલકત ને સીલ કરવામાં આવી.

આ બાબતે ચીફ ઓફિસર સાથે વાત કરતાં એમણે જણાવ્યુ કે સુત્રાપાડા શહેરમાં જે કોઈ ના વેરાઓ બાકી છે તે લોકો ૩૧ માર્ચ પહેલા નગરપાલિકાએ આવી ને ભરી નહીં જાય તો આજે એક મિલકતમાં સીલ મરવામાં આવ્યા. એવીજ રીતે જે મિલકતો ના વેરાઓ બાકી છે.એમની મિલકતો ને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ગીર સોમનાથ કલેક્ટરને કિશાન ક્રાંતિ ટ્રસ્ટ દ્વારા ચણાની ખરીદીમાં વધારો કરવા આવેદન



ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૧૨

કિશાન ક્રાંતિ ટ્રસ્ટ દ્વારા ગીર સોમનાથ કલેક્ટર ને એક આવેદન આપવામાં આવ્યું જેમાં જણાવ્યુ કે સરકાર દ્વારા હાલના સમયમાં રવિ પાક ચણાની ખરીદી ચાલુ થયેલ છે.તેમાં ખેડૂતોનો પુરતો જથ્થો લેવામાં આવતો નથી અને ૧૦૦૦ કિલો ની મર્યાદા રાખેલ છે.તે ખેડૂતો માટે યોગ્ય નથી.ખેડૂતોની દ્રષ્ટીએ ખરીદવામાં આવતો જથ્થા કરતાં વધારે જથ્થો ખેડૂતો પાસે પડ્યો રહે છે.તો ખેડૂતોને પુરતો જથ્થો લેવાય તેવી વ્યવસ્થા કરી આપવા ફરીથી ૨૫૦૦ કિલો જૂના નિયમ પ્રમાણે લેવામાં આવે એવિ સરકાર ને રજુઆત છે.સરકાર દ્વારા ખેડુતો માટે હાલના સમય પ્રમાણે ખેડૂતોના હિતમાં નિર્ણય લેવાય એવી ખેડુતો આશા રાખી રહ્યા છે.

# કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા લિમિટડનો આઈપીઓ ૧૬ માર્ચ, ૨૦૨૧ના રોજ ખુલશે

### પ્રાઈસ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂ.૮૬ થી રૂ.૮૭ નક્કી કરી

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૨

લીડ મેનેજર્સ સાથે ચર્ચા મેનેજર્સ સાથે ચર્ચા કરીને કંપની અને વિક્રેતા શેરધારકો સેબી આઈસીડીઆર નિયમનો સાથે સુસંગત રીતે એન્કર રોકાણકારો દ્વારા સહભાગી થઈ શકે છે. એન્કર રોકાણકાર માટે બિડ કરવાની તારીખ બિડ-ઓફર ખોલવાની તારીખથી એક કાર્યકારી દિવસ અગાઉની રહેશે.

મુંબઈ ૧૧ માર્ચ, ૨૦૨૧ : ટેકનોપેક રિપોર્ટ મુજબ, ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધી આવકને આધારે ભારતમાં સૌથી મોટી જ્વેલરી કંપનીઓ પૈકીની એક કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા લિમિટેડ (કંપની)ના રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) ૧૬ માર્ચ, ૨૦૨૧ના રોજ આવશે. (‘ઈક્વિટી શેર’ અને આ પ્રકારની ઈનિશિયલ પબ્લિક ઓફર, ‘ઓફર’). આ ઓફર ૧૮ માર્ચ, ૨૦૨૧ના રોજ બંધ થશે. ઓફરનો પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ.૮૬ થી રૂ.૮૭ નક્કી કરવામાં આવે છે.

રોકાણકારો માટે જોખમો : (૧) ઓફર સાથે સંકળાયેલા પાંચ લીડ મેનેજર્સે છેલ્લા ત્રણ વર્ષમાં ૩૨ પબ્લિક ઈશ્યૂનું સંચાલન કર્યું છે, જેમાંથી ૧૧ ઈશ્યુ લિસ્ટિંગ ડેટ પર ઈશ્યૂ પ્રાઈઝથી નીચે ખુલ્યાં હતાં. (૨) અપર પ્રાઈસ બેન્ડ રૂ.૫૮.૩૯ પર કંપની માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ડાઈલ્યુટેડ ઈપીએસ (શેર દીઠ આવક) પર આધારીત કિંમત-આવકનો રેશિયો. (૩) ઓફરમાં વિક્રેતા શેરધારકો માટે ઈક્વિટી શેર ખરીદવાનો સરેરાશ ખર્ચ ઈક્વિટી શેરદીઠ શૂન્યથી ઈક્વિટી શેર દીઠ રૂ.૫૬.૬૧ છે તથા અપર પ્રાઈસ બેન્ડ પર ઓફર પ્રાઈસ ઈક્વિટી શેરદીઠ રૂ.૮૭ છે. (૪) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ માટે નેટવર્થ પર વેઈટેડ એવરેજ રિટર્ન ૪.૪૬ ટકા છે.

ઓફરમાં રૂ.૧૧.૭૫૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરની ઈનિશિયલ પબ્લિક ઓફર સામેલ છે. જેમાં (એ) રૂ.૮,૦૦૦ મિલિયન સુધીના ફેશ ઈશ્યૂ (ફ્રેશ ઈશ્યૂ) અને (બી) રૂ. ૩,૭૫૦ મિલિયન સુધીના વેચાણ માટેની ઓફર, જેમાં શ્રી ટી એસ કલ્યાણરામન (પ્રમોટર વિક્રેતા શેરધારક) દ્વારા રૂ.૧.૨૫૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર અને હાઈડેલ ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ દ્વારા રૂ.૨,૫૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરના વેચાણની ઓફર (‘રોકાણકાર વિક્રેતા શેરધારક’ અને સંયુક્તપણે પ્રમોટર વિક્રેતા શેરધારક, ‘વિક્રેતા શેરધારકો’) સામેલ છે.

ઓફરમાં લાયકાત ધરાવતા કર્મચારીઓ (એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન) દ્વારા સબસ્ક્રિપ્શન માટે રૂ.૨૦ મિલિયન સુધીનું રિઝર્વેશન સામેલ છે. એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન સિવાયની ઓફરનો અહીં ઉલ્લેખ ‘નેટ ઓફર’ તરીકે કર્યો છે. બિડ્સ લઘુતમ ૧૭૨ ઈક્વિટી શેર માટે અને પછી ૧૭૨ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઓફર સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૮ના નિયમન ૩૧, જેમાં સમયેસમયે થયેલા સુધારા (સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ) સાથે સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રૂલ્સ, ૧૯૫૭ના રૂલ ૧૯ (૨) (બી) ને વાંચીને કરવામાં આવી છે. ઓફર સેબી આઈસીડીઆરના નિયમન ૬ (૧)નું પાલન કરીને બુક બિલ્ડીંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી છે. જેમાં ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો ક્વોલિફાઈડ બાયર્સ (‘ક્યુઆઈબી’ અને આ પ્રકારનો પોર્શન ‘ક્યુઆઈબી પોર્શન’)ને સપ્રમાણ આધારે ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેમાં શરત એ છે કે, કંપની અને પ્રમોટર વિક્રેતા શેરધારકો બીઆરએલએમ સાથે ચર્ચાવિચારણા કરીને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા હિસ્સો વિવેકને આધારે એન્કર રોકાણકારોને ફાળવી શકે છે (એન્કર ઈન્વેસ્ટર પોર્શન) એન્કર ઈન્વેસ્ટર પોર્શન મહત્તમ એક-તૃતિયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડો માટે અનામત રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી એન્કર રોકાણકારોને થયેલી ફાળવણીની કિંમતે કે એનાથી વધારે કિંમતે (એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈસ) પ્રાપ્ત માન્ય બિડ્સ મળવાને આધિન છે. ઉપરાંત ક્યુઆઈબી પોર્શનનો ૫ ટકા હિસ્સો (એન્કર ઈન્વેસ્ટર પોર્શનને બાદ કરતાં) મ્યુચ્યુઅલ ફંડ્સને સપ્રમાણ આધારે ફાળવણી માટે ઉપલબ્ધ કરાવવામાં આવે અને ક્યુઆઈબી પોર્શનનો બાકીનો હિસ્સો મ્યુચ્યઅલ ફંડ્સ સહિત તમામ ક્યુઆઈબી (એન્કર રોકાણકારો સિવાય)ને સપ્રમાણ આધારે ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે ઓફર પ્રાઈસ પર કે એનાથી વધારે કિંમત પર માન્ય બિડ્સ મળવાને આધિન છે.

વળી, સેબી આઈસીડીઆર નિયમનોને સુસંગત રીતે નેટ ઓફરનો મહત્તમ ૧૫ ટકા હિસ્સો સપ્રમાણ આધારે બિન-સંસ્થાગત બિડર્સ (બિન-સસ્થાગત રોકાણકારનો હિસ્સો)ને તથા ઓફરનો મહત્તમ ૩૫ ટકા હિસ્સો રિટેલ વ્યક્તિગત બિડર્સને ફાળવણી માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેમાં માન્ય બિડ્સ ઓફર પ્રાઈસ પર કે એનાથી વધારે પ્રાઈસ પર મળવાને આધીન છે. એન્કર રોકાણકારો સિવાય તમામ બિડર્સને એપ્લિકેશન સપોર્ટેડ બાય બ્લોકડ એમાઉન્ટ (એએસબીએ) પ્રક્રિયા દ્વારા ઓફરમાં સહભાગી થવાની જરૂર છે અને સંબંધિત એએસબીએ એકાઉન્ટની વિગત પ્રદાન કરવી પડશે, જેમાં બિડની રકમ સેલ્ફ સર્ટિફાઈડ બેંકો (એસસીબી) અથવા યુપીઆઈ વ્યવસ્થા દ્વારા બ્લોક થશે, જે રીતે અનુકૂળ હોય એ મુજબ. એન્કર રોકાણકારોને એએસબીએ પ્રક્રિયા દ્વારા એન્કર ઈન્વેસ્ટર પોર્શનમાં સહભાગી થવાની છૂટ નથી.

કંપની ફ્રેશ ઈશ્યૂ દ્વારા ઉભા થયેલા ફંડનો ઉપયોગ આ માટે કરશે : (૧) કંપનીની કાર્યકારી મૂડીની જરૂરીયાત પૂરી કરવા અને (૨)

### ઓફર ૧૬ માર્ચ, ૨૦૨૧ને મંગળવારથી ૧૮ માર્ચ, ૨૦૨૧ સુધી ખુલ્લી રહેશે

સાધારણ કોર્પોરેટ ઉદ્દેશો માટે. ઓફર ગ્લોબલ કો-ઓર્ડિનેટર્સ અને બુક રનિંગ લીડ મેનેજર્સ મેનેજર્સ એક્સિસ કેપિટલ લિમિટેડ, સિટિગ્રુપ ગ્લોબલ માર્કેટ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સીક્યોરીટીઝ લિમિટેડ છે. ઓફરના બુક રનિંગ લીડ મેનેજર બીઓબી કેપિટલ માર્કેટ્સ લિમિટેડ છે.

અહીં ઉપયોગ થયેલા પણ પરિભાષિત ન થયેલા મૂડીકૃત શબ્દો કંપનીએ એર્નાકુલમમાં રજિસ્ટ્રાર ઓફ કંપનીઝમાં ૯ માર્ચ, ૨૦૨૧ના રોજ ફાઈલ કરેલા રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસમાં આ પ્રકારના ઉલ્લેખિત શબ્દો જેવો અર્થ ધરાવશે.

ભારતના ૨૦ ઓવરમાં માત્ર ૧૨૪ રનનો સામનો કરતા ઈંગ્લેન્ડે ફક્ત ૧૫.૩ ઓવરમાં રન ચેઝ કરી મેળવ્યો વિજય

# ઈંગ્લેન્ડ સામે પ્રથમ ટી-૨૦માં જ ભારતની કારમી હાર

અમદાવાદ,તા.૧૨

ઈંગ્લેન્ડે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ૫ T-૨૦ શ્રેણીની પ્રથમ મેચમાં ભારતને ૮ વિકેટે હરાવ્યું છે. ૧૨૫ રનનો પીછો કરતાં ઈંગ્લેન્ડે ૪.૩ ઓવર બાકી રાખીને ટાર્ગેટ ચેઝ કર્યો. આ મેચ જીતીને ઈંગ્લેન્ડે શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. ભારત વર્ષની પહેલી T-૨૦ મેચ હારી ગયું છે. તેમજ ઘરઆંગણે ૧૨ T-૨૦ પછી ટીમ ઈન્ડિયાએ હારનો સામનો કરવો પડ્યો છે. આ પહેલાં ૮ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતે મેચ ગુમાવી હતી. ત્યારે તિરુવનંતપુરમમાં વિન્ડીઝે ૮ વિકેટે માત આપી હતી. જેસન રોય વી. સુંદરની બોલિંગમાં ન્મ્ઉ આઉટ થયો હતો. રોયે રિવ્યૂ લીધો હતો પરંતુ અમ્પાયરના નિર્ણયને ફેરવી શક્યો નહોતો. તેણે ૩૨ બોલમાં ૪ ફોર અને ૩ સિક્સની મદદથી ૪૯ રન કર્યા હતા.

ઈંગ્લેન્ડના જોસ બટલરને આઉટ કરીને યુઝવેન્દ્ર ચહલ ભારત માટે T-૨૦માં સર્વાધિક વિકેટ લેનાર બોલર બન્યો છે. બટલર તેનો આ ફોર્મેટમાં ૬૦મો શિકાર થયો. જસપ્રીત બુમરાહ ૫૯ વિકેટ સાથે આ સૂચિમાં બીજા સ્થાને છે. આ ચહલની ૪૬મી મેચ છે, જ્યારે બુમરાહ ૫૦ T-૨૦ રમ્યો છે.

રનચેઝમાં ઈંગ્લિશ ઓપનર્સ જેસન રોય અને જોસ બટલરે ટીમને સારી શરૂઆત અપાવતા ૭૨ રનની ભાગીદારી કરી હતી. જોસ બટલર યુઝવેન્દ્ર ચહલની બોલિંગમાં ન્મ્ઉ થયો હતો. તેણે ૨૪ બોલમાં ૨ ફોર અને ૧ સિક્સની મદદથી ૨૮ રન કર્યા હતા.



ભારતે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ૫્-૨૦ શ્રેણીની પ્રથમ મેચમાં ઈંગ્લેન્ડને મેચ જીતવા ૧૨૫ રનનો ટાર્ગેટ આપ્યો છે. ટોસ હાર્યા ૫છી પ્રથમ બેટિંગ કરતાં ટીમ ઈન્ડિયાએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૨૪ રન કર્યા. ૪૮ રનમાં ૪ વિકેટ ગુમાવ્યા પછી શ્રેયસ ઐયરે બાજી સંભાળતા પોતાના કરિયરની ત્રીજી ફિફ્ટી મારી. તેણે ૪૮ બોલમાં ૮ ફોર અને ૧ સિક્સની મદદથી ૬૭ રન કર્યા. તે સિવાય ઋષભ પંતે ૨૧ અને હાર્દિક પંડ્યાએ ૧૯ રન કર્યા. અન્ય કોઈ બેટ્સમેન ડબલ ડિજિટ સુધી પહોંચી શક્યું નહીં.

ઐયરે ભારતીય ટીમના ૫૪% રન એકલા બનાવ્યા હતા. ઈંગ્લેન્ડ માટે જોફરા આર્ચરે ૩, જ્યારે આદિલ રાશિદ, માર્ક વુડ, ક્રિસ જોર્ડન અને બેન સ્ટોક્સે ૧-૧ વિકેટ લીધી.

૪૮ રનમાં ૪ વિકેટ ગુમાવ્યા પછી શ્રેયસ ઐયર અને હાર્દિક પંડ્યાએ ૫ ંચમી વિકેટ માટે ૫૪ રનની ભાગીદારી કરીને ટીમને સન્માનજનક સ્થિતિમાં લાવી હતી. હાર્દિક ૧૯ રને આર્ચરની બોલિંગમાં જોર્ડન દ્વારા કેચ આઉટ થયો હતો. તે પછી શાર્દુલ ઠાકુર શૂન્ય રને આર્ચરની બોલિંગમાં સ્કવેર લેગ પર મલાનના હાથે કેચ આઉટ થયો હતો.

શિખર ધવન ૪ રને માર્ક વુડની બોલિંગમાં આઉટ થયો. તેણે ૪ રન કરવા માટે ૧૨ બોલ લીધા. જ્યારે ઋષભ પંત ૨૧ રને બેન સ્ટોક્સની બોલિંગમાં ડીપમાં જોની બેરસ્ટોના હાથે કેચ આઉટ થયો હતો. પંત ૨૩ બોલ રમ્યા પછી શરૂઆતનો ફાયદો ઉઠાવી શક્યો નહીં. ભારતે ૧૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવી ૪૮ રન કર્યા.

વિરાટ કોહલી શૂન્ય રને આદિલ રાશિદની બોલિંગમાં મીડ-ઓફ પર ક્રિસ જોર્ડન દ્વારા કેચ આઉટ થયો હતો. છેલ્લા ૨ વર્ષમાં છટ્ઠી વાર્-૨૦માં કોહલી લેગ સ્પિનરનો શિકાર થયો છે. આજે તે પાંચ બોલ રમીને પેવેલિયન ભેગો થયો હતો.

વેબ સિરીઝને સરકાર દ્વારા નોટિસ ફટકારી

# ‘બોમ્બે બેગમ’ને ૨૪ કલાકમાં પ્રસારણ બંધ કરવા આદેશ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૨

બોલીવુડ બાદ હવે સરકારે ઓટીટી પ્લેટફોર્મ પર નજર રાખવા કહ્યું છે. તાંડવ વેબ સિરીઝના વિવાદ બાદ સરકાર આ મુદે ઝડપથી આગળ વધી રહી છે, અને એમેઝોન પ્રાઈમ બાદ હવે નેટફ્લિક્સ જેવા વધુ પ્લેટફોર્મ પર નજર રાખી રહી હોય તેવું લાગી રહ્યું છે. દરમિયાન, ચાઈલ્ડ કમિશને હવે તેમની વેબ સિરીઝ ’બોમ્બે બેગમ’ ની સામગ્રી અંગે નેટફ્લિક્સને નોટિસ મોકલી છે. વળી, તેઓને આગામી ૨૪ કલાકમાં રિપોર્ટ આપવા જણાવ્યું છે. નેટફ્લિક્સ વેબ સિરીઝ ૮ માર્ચે પ્રસારિત થઈ હતી. જે ૫ છી બાળ પંચે હવે આ કડક પગલું ભર્યું છે

બાળ આયોગે નેટફ્લિક્સને નોટિસ મોકલીને બોમ્બે બેગમને પ્રસારણ બંધ કરવાનું કહ્યું છે અને આગામી ૨૪ કલાકમાં પાછું રિપોર્ટ કરવા જણાવ્યું છે. જુવેનાઈલ કમિશનને આપેલી ફરિયાદ મુજબ વેબ સિરીઝમાં ૧૩ વર્ષની છોકરીને ડ્રગ્સ લેતી બતાવવામાં આવી છે. સ્કૂલનાં બાળકોને ખોટી રજૂઆત કરવામાં આવી હોવાનો પણ વાંધો ઉઠાવવામાં આવ્યો છે.

અગાઉ, તેમની વેબ સિરીઝ ’તાંડવ’



માટે ઓટીટી પ્લેટફોર્મ એમેઝોન પર કાર્યવાહી કરવામાં આવી હતી. ’તાંડવ’ અંગે ઘણો વિરોધ થયો હતો.વેબ સીરીઝના ડિરેક્ટર અલી અબ્બાસ ઝફરે બાદમાં એમેઝોન વતી માફી માંગી.

નેટફ્લિક્સ શ્રેણી ’બોમ્બે બેગમ’ નું નિર્દેશન અલંકૃતા શ્રીવાસ્તવ દ્વારા કરવામાં આવ્યું છે. આ શ્રેણીમાં ૫ ાંચ જુદી જુદી મહિલાઓની વાર્તા બતાવવામાં આવી છે. અભિનેત્રી પૂજા ભટ્ટે આ વેબ સિરીઝમાંથી કમબેક કર્યું છે. પૂજા ભટ્ટ સિવાય આ વેબ સિરીઝમાં સુહાના ગોસ્વામી, પ્લેબીતા બોર-ઠાકુર, અધિયા આનંદ સહિત ઘણા મોટા ચહેરાઓ છે.

બાળ અધિકારના રક્ષણ માટે એનસીપીસીઆર એક સર્વોચ્ચ સંસ્થા છે. વેબ સીરીઝનું પ્રસારણ અટકાવવા માટે એનસીપીસીઆરે નેટફ્લિક્સને નોટિસ મોકલી છે. એનસીપીસીઆરએ ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સને ૨૪ કલાકમાં વિગતવાર એક્શન રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું છે. કમિશને કહ્યું હતું કે જો નેટફ્લિક્સે આમ નહીં કર્યું તો તે યોગ્ય કાનૂની પગલાં લેશે.

ફરિયાદના આધારે કમિશને નેટફ્લિક્સને નોટિસ મોકલી છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે આ શ્રેણીમાં સગીર વયના સગીર સેક્સ અને તેમના ડ્રગનો ઉપયોગ દર્શાવ્યો હતો. બાળ અધિકારના રક્ષણ માટેના રાષ્ટ્રીય આયોગે શ્રેણીમાં બાળકોના કથિત ખોટી રજૂઆત પર વાંધો ઉઠાવતા કહ્યું છે કે આવી સામગ્રી ફક્ત યુવાનોના દિમાગ પર અસર કરશે જ નહીં, પરંતુ બાળ શોષણ તરફ દોરી શકે છે.

# ઓટીટીએ ફરહાનની તૂફાનના વિવાદસર્જક સીન બદલવા કહ્યું

મુંબઈ,તા.૧૨

એક્ટર ફરહાન અખ્તર તથા ડિરેક્ટર રાકેશ ઓમપ્રકાશ મેહરાની અપકમિંગ ફિલ્મ ’તૂફાન’ની રિલીઝ ડેચ જાહેર કરવામાં આવી છે. ફિલ્મ થિયેટરને બદલે્ પ્લેટફોર્મ પર ૨૧ મેના રોજ એમેઝોન પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થશે. સૂત્રોના મતે, ફિલ્મને સેન્સરનું સર્ટિફિકેટ લેવામાં કોઈ વાંધો ના આવ્યો. ફિલ્મનો ટોપિક સ્પોટ્ર્સ તથા બોકિંસગનો છે. છતાં પણ સાવચેતી ખાતર એમેઝોન વધુ સતર્ક છે. એમેઝોને ફિલ્મના કેટલાંક સીન ચેન્જ કરવાનું કહ્યું છે. કંપની નથી ઈચ્છતી કે ફિલ્મ અંગે કોઈ વિવાદ થાય. ઉલ્લેખનીય છે કે ’તાંડવ’ સમયે ઘણો જ વિવાદ થયો હતો.

’તૂફાન’ અંગે ચર્ચાઈ રહ્યું છે, ’ફિલ્મમાં ફરહાન મુસ્લિમના રોલમાં છે. હીરોઈન મૃણાલ ઠાકુર મરાઠી બ્રાહ્મણ યુવતીના રોલમાં છે. પરેશ રાવ એક્ટ્રેસના પિતાના રોલમાં છે. પરેશ ફિલ્મમાં ફરહાનના બોકિંસગ કોચ પણ છે. ફરહાન બોકિંસગ શીખતા શીખતા મૃણાલને પ્રેમ કરવા લાગે છે. આ લવ સ્ટોરીમાં કેટલાંક એવા સીન છે, જેના પર એમેઝોનના અધિકારીઓને વાંધો છે અને તેમને આશંકા છે કે આના પર વિવાદ થઈ શકે છે.

# ચાલુ કારમાં જહાનવી કપૂરે કપડા બદલી ફોટો શેર કર્યા



મુંબઈ,તા.૧૨

બોલિવૂડ એક્ટ્રેસ જાહન્વી કપૂરની ફિલ્મ ’રૂહી’ ૧૧ માર્ચના રોજ રિલીઝ થઈ છે. જાહન્વી હાલમાં ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. જાહન્વીએ તાજેતરમાં સો.મીડિયામાં કેટલીક તસવીરો શૅર કરી હતી, જેમાંથી એક તસવીરમાં જાહન્વી કારની અંદર કપડાં બદલતી જોવા મળી હતી.

જાહન્વીએ સો.મીડિયામાં ચાર તસવીરો શૅર કરી હતી. પહેલી બે તસવીરમાં જાહન્વી ગ્લેમરસ અંદાજમાં જોવા મળી હતી, જેમાં તે સ્ટ્રેપ્લેસ ટોપ તથા મિની સ્કર્ટમાં હતી. ત્રીજી તસવીરમાં જાહન્વી કારની અંદર જીન્સ ૫ હેરતી જોવા મળી હતી. તે એરપોર્ટ જતી હતી. છેલ્લી તસવીરમાં જાહન્વી ફ્લાઈટમાં બેઠી હતી અને તેણે રફ જીન્સ તથા લોન્ગ વ્હાઈટ ટોપ પહેર્યું છે અને વી ફોર વિક્ટરીની સાઈન બતાવી હતી. આ તસવીરો શૅર કરીને જાહન્વીએ કેપ્શનમાં કહ્યું હતું, ’આરામદાયક દિવસ.’

બોની કપૂરે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું, ’રૂહી’ હોરર-કોમેડી ફિલ્મ છે. આ ખરેખર ડરાવે છે અને બીજી જ ક્ષણે હસાવે છે. દર્શકોને ક્યારેક ડર લાગશે તો ક્યારેક હસવું આવશે.’ વધુમાં બોની કપૂરે કહ્યું હતું, ’રૂહી’માં જાહન્વી, રાજકુમાર રાવ તથા વરુણ શર્મા ધમાકેદાર છે. જાહન્વીએ ફિલ્મ માટે ઘણી જ મહેનત કરી છે. જાહન્વીનું પર્ફોર્મન્સ ધીમે ધીમે સુધરતું જાય છે. તેની માતા (સ્વર્ગીય શ્રીદેવી)ને તેની પર ગર્વ થશે.’ ઉલ્લેખનીય છે કે ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ બોનીની પત્ની તથા એક્ટ્રેસ શ્રીદેવીનું દુબઈમાં અવસાન થયું હતું.

બોની કપૂર ડિરેક્ટર-પ્રોડ્યૂસર લવ રંજનની આગામી ફિલ્મમાં રણબીર કપૂરના પિતાના રોલમાં જોવા મળશે. બોની કપૂરની ઈચ્છા છે કે તે સ્ક્રિન પર દીકરી જાહન્વીના પિતાનો રોલ પ્લે કરે.

હાર્દિક મહેતાના ડિરેક્શનમાં બનેલી ફિલ્મ ’રૂહી’ ૧૧ માર્ચ, શિવરાત્રિના દિવસે થિયેટરમાં રિલીઝ થઈ છે. ફિલ્મને દિનેશ વિજને પ્રોડ્યૂસ કરી છે. આ ફિલ્મ ચુડેલની આસપાસ ફરે છે. આ ચુડેલ લગ્નવાળા ઘરમાં નજર રાખે છે અને વરરાજા સૂઈ જાય એટલે દુલ્હનને ગાયબ કરી નાખે છે.

# જાવેદ અખ્તરના કેસમા અંધેરી કોર્ટે જારી કરેલ વોરંટ સામે કંગના સેશન્સ કોર્ટમાં અપિલ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૨

**બોલિવૂડના દિગ્ગજ ગીતકાર જાવેદ અખ્તરે કોર્ટમા કરેલ બદનામીનો કેસ**

બોલિવૂડના દિગ્ગજ ગીતકાર જાવેદ અખ્તરની બદનામીનો આરોપ લગાવતા અંધેરી મેજિસ્ટ્રેટ કોર્ટે જારી કરેલા જામીનપાત્ર વોરંટ સામે હવે અભિનેત્રી કંગના રનૌતે દિંડોશી સેશન્સ કોર્ટમાં અપિલ દાખલ કરી છે. તેમની અપીલ પર ૧૫ માર્ચના રોજ સેશન્સ કોર્ટમાં સુનાવણી થવાની સંભાવના છે.

આરોપો અંગે પોલીસે નોંધાવેલા અહેવાલમાં વિચારણા કર્યા પછી, જો કોર્ટ કેસને યોગ્ય ગણાવે તો આરોપીને કોર્ટમાં હાજર રહેવા સમન્સ અપાય છે. તદનુસાર, અંધેરી કોર્ટના મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એ. એ. ખાને કંગનાને માર્ચની સુનાવણીમાં હાજર રહેવા માટે સમન્સ મોકલ્યુ હતુ.પરંતુ તે હાજર થઈ ન હતી.. કોર્ટે તેની વિરુદ્ધ ૧ માર્ચે જામીનપાત્ર વોરંટ બહાર પાડ્યું હતું અને ૨૬ માર્ચની સુનાવણીમાં હાજર રહેવા નિર્દેશ આપ્યો હતો. કંગના એડ્. રિઝવાન સિદ્દીકી દ્વારા સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી છે. ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૦૪ હેઠળ કાર્યવાહી કરતા પહેલા, કલમ ૨૦૦ હેઠળ સાક્ષીઓના એફિડેવિટની પણ તપાસ કરવી આવશ્યક છે. જોકે, મેજિસ્ટ્રેટ કોર્ટે આ જોગવાઈનું પાલન કર્યું નથી, ’એમ કંગનાએ અરજીમાં દલીલ કરી હતી.

અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુ પછી, રિપબ્લિક ટીવીના મુખ્ય સંપાદક અર્ણવ ગોસ્વામી સાથેની મુલાકાતમાં, કંગનાએ પણ મારા ઉપર પાયાવિહોણા આરોપો લગાવ્યા હતા. તેમણે એવા નિવેદનો પણ આપ્યા હતા કે જેણે મને બિનજરૂરી રીતે નિંદા કરી હતી ’, અખ્તરની ફરિયાદ એડ્. જય ભારદ્વાજે અંધેરી કોર્ટમાં.દાખલ કરી હતી. અદાલતના આદેશ મુજબ જુહુ પોલીસે તપાસ હાથ ધરી હતી અને અહેવાલ કોર્ટને આપ્યો હતો કે અખ્તરના આરોપો તથ્યપૂર્ણ છે. કોર્ટ દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યા હોવા છતાં કંગના ૧ માર્ચની સુનાવણીથી ગેરહાજર હતી.

જાવેદ અખ્તરે પોતાની ઓળખ બનાવી છે. જ્યારે માત્ર ૧૯ વર્ષનો હતો ત્યારે ૪ ઓક્ટોબર, ૧૯૬૪ ના રોજ બે જોડી કપડાં, કેટલાક પુસ્તકો અને સખત મહેનતથી સિનેમામાં પોતાનું નામ બનાવ્યું અને આજે ૫૫ વર્ષની કારકીર્દિ છે. માર્ચ ૨૦૧૦ થી માર્ચ ૨૦૧૬ સુધી રાજ્યસભાનો સભ્ય પણ હતા.. જો કે, કંગનાએ કોઈ કારણ વિના તેમના પર પાયાવિહોણા આરોપો લગાવીને બદનામ કર્યાનું , ’અખ્તરે ફરિયાદમાં જણાવ્યું છે.

# ટીવી અભિનેત્રી અનિતા હસનંદાની ફરી વાર માતા બનવા તૈયાર...!!



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૧

ટીવી કપલ અનિતા હસનંદાની અને રોહિત રેડ્ડી હાલમાં માતા-પિતા બન્યા છે. પહેલીવાર માતૃત્વનો આનંદ માણી રહેલી અનિતા તેના બેબી બમ્પને મિસ કરી રહી છે. નાગિન-૩ની એક્ટ્રેસે હાલમાં ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેના મેટરનિટી ફોટોશૂટ દરમિયાનની એક તસવીર શેર કરી છે. આ તસવીર ખૂબ જ સુંદર છે. પરંતુ તેણે કેપ્શનમાં જે વાત કહી છે તે માત્ર તેના ફેન્સ માટે જ નહીં પરંતુ પતિ રોહિત માટે પણ સરપ્રાઈઝ સમાન છે.

અનિતાએ તસવીરની સાથે જણાવ્યું છે કે, તે તેના બેબી બમ્પને મિસ કરી રહી છે અને તે બીજા બાળક માટે પણ તૈયાર છે. તેણે લખ્યું છે કે, ’પેટને મિસ કરી રહી છું. તેવું નથી કે હાલ મારી પાસે નથી. પરંતુ આના જેટલું ક્યૂટ નથી. સારું, હું પહેલાથી વધુ એક બાળક માટે તૈયાર છું. રોહિત રેડ્ડી ગોવાએ હાલમાં અનિતા એચ. રેડ્ડીને અનફોલો કરી’.

કેપ્શન વાંચીને અનિતાના ફેન્સ, ફોલોઅર્સ અને ફ્રેન્ડ્સ પણ હસવાનું રોકી શક્યા નહીં. રિદ્ધિમા પંડીત અને અદિતિ ભાટિયાએ કોમેન્ટમાં ’હાહાહાહા’ લખ્યું છે. અનિતાની વાત કરીએ તો, પહેલીવાર મમ્મી બનેલી એક્ટ્રેસ રાત અને દિવસ નાનકડા દીકરા સાથે પસાર કરી રહી છે. સોશિયલ મીડિયા પર પણ તે દીકરા આરવ સાથેની ક્યૂટ મોમેન્ટ શેર કરતી રહે છે. હાલમાં તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં એક વીડિયો શેર કર્યો હતો. જેમાં તે આરવના કાનમાં ગાયત્રી મંત્ર બોલતી જોવા મળી હતી.

ત્રણ મહાનગરોમાં મેયર, ડેપ્યુટી મેયર સહિત ૧૨ પદાધિકારીઓની વરણી કરાઈ

# રાજકોટ, સુરત અને જામનગરના મેયર તથા ટીમની જાહેરાત

## રાજકોટ

**મેયર :- ડો.પ્રદીપ ડવ** **ડે. મેયર :- ડો.દર્શિતાબેન શાહ**



છ મનપાની ચૂંટણીમાં ભવ્ય વિજય બાદ ભાજપ દ્વારા અમદાવાદ, વડોદરા અને ભાવનગરના મેયર જાહેર કરવામાં આવ્યા હતા. જે બાદ આજે રાજકોટના મેયરની પણ જાહેરાત કરવામાં આવી છે. રાજકોટના નવા મેયર તરીકે ડો.પ્રદીપ ડવની તાજપોશી કરવામાં આવી છે. જ્યારે RMC સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે પુષ્કર પટેલની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટના ડેપ્યૂટી મેયર ડૉ.દર્શિતાબેન શાહ તેમજ શાસક પક્ષના નેતા તરીકે વિનુભાઈ ઘવા અને દંડક તરીકે સુરેન્દ્રસિંહ વાળાની વરણી કરવામાં આવી છે. રાજકોટ પહેલાં ભાજપ દ્વારા સુરતના મેયર અને પદાધિકારીઓની વરણી કરવામાં આવી હતી. સુરતને નવા મેયર મળી ગયા છે. હેમાલી બોઘાવાલાને સુરતના નવા મેયર બનાવાયા છે. જ્યારે દિનેશ જોધાણીને સુરતના ડેપ્યૂટી મેયર બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત એસએમસી સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે પરેશ પટેલની વરણી કરવામાં આવી છે. તેમજ શાસકપક્ષના નેતા તરીકે અમિતસિંહ રાજપૂતની નિયુક્તિ કરવામાં આવી છે. જેમાં આજે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશ માટે મેયર તરીકે હેમાલી બોઘાવાલાને સંદ કરવામાં આવ્યા છે.

## સુરત

**મેયર :- હેમાલી બોઘાવાલા** **સ્ટે. ચેરમેન :- પરેશ પટેલ**



સુરતને નવા મેયર મળી ગયા છે. હેમાલી બોઘાવાલાને સુરતના નવા મેયર બનાવાયા છે. જ્યારે દિનેશ જોધાણીને સુરતના ડેપ્યૂટી મેયર બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત SMC સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે પરેશ પટેલની વરણી કરવામાં આવી છે. તેમજ શાસકપક્ષના નેતા તરીકે અમિતસિંહ રાજપૂતની નિયુક્તિ કરવામાં આવી છે. દંડક તરીકે વિનોદ પટેલની વરણી કરવામાં આવી છે. આજે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશ માટે મેયર તરીકે હેમાલી બોઘાવાલાને પસંદ કરવામાં આવ્યા છે. ૩ મહાનગરોના મેયર પદ સહિતના હોદ્દેદારોની જાહેરાત થઈ છે. જેમા અમદાવાદમાં કિરીટ પરમાર, વડોદરામાં કેયુરભાઈ રોકડીયા તેમજ ભાવનગરમાં કીર્તિબેન દાણીધારીયાની મેયર પદ વરણી થઈ હતા. સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન તરીકે પરેશ પટેલ, શાસક પક્ષના નેતા તરીકે અમિતસિંહ રાજપુત અને દંડક તરીકે વિનોદ પટેલની વરણી કરવામાં આવી છે. આ સાથે સ્થાયી સમિતિમાં વ્રજેશ ઉનડકટ, ઉર્વશી પટેલ, ચીમન પટેલ, દક્ષેશ વાઘાણી, સુધાકર ચૌધરી, મનીષા મહાત્મા, ભૂષણ પાટીલ, રશ્મિબેન, અમીતાબેન પટેલ, ધર્મેશ ભાલાળાની પસંદગી કરવામાં આવી છે.

## જામનગર

**મેયર :- બીનાબેન કોઠારી** **ડે. મેયર :- તપન પરમાર**



ગુજરાત ભાજપ દ્વારા છ મનપાની ચૂંટણીમાં જીત બાદ આજે તમામ મનપાના મેયરની જાહેરાત કરવામાં આવી દીધી છે. જામનગરના મેયર તરીકે બીનાબેન કોઠારીને પસંદ કરવામાં આવ્યા છે. જ્યારે જામનગરના ડેપ્યૂટી મેયર તપન પરમાર, જેએમસી સ્ટેન્ડિંગ ચેરમેન મનીષ કટારીયા, શાસક પક્ષના નેતા તરીકે કુસુમબેનની વરણી અને દંડક તરીકે કેતન ગોસરાણીની વરણી કરવામાં આવી છે. છ મનપાની ચૂંટણીમાં ભવ્ય વિજય બાદ ભાજપ દ્વારા અમદાવાદ, વડોદરા અને ભાવનગરના મેયર જાહેર કરવામાં આવ્યા હતા. જે બાદ આજે રાજકોટના મેયરની પણ જાહેરાત કરવામાં આવી છે. રાજકોટના નવા મેયર તરીકે ડો.પ્રદીપ ડવની તાજપોશી કરવામાં આવી છે. જ્યારે આરએમસી સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે પુષ્કર પટેલની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટના ડેપ્યૂટી મેયર ડૉ. દર્શિતાબેન શાહ તેમજ શાસક પક્ષના નેતા તરીકે વિનુભાઈ ઘવા અને દંડક તરીકે સુરેન્દ્રસિંહ વાળાની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત એસએમસી સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે પરેશ પટેલની વરણી કરવામાં આવી છે. તેમજ શાસકપક્ષના નેતા તરીકે અમિતસિંહ રાજપૂતની નિયુક્તિ કરવામાં આવી છે.

# નવસારીના વાંસદા પાસે ટેમ્પો અડફેટે આવતા ત્રણ કોલેજના વિદ્યાર્થીઓના મોત



નવસારી,તા.૧૨

નવસારી જિલ્લાના વાંસદાના ખડકાલા સર્કલ પાસે ટેમ્પોચાલકે એક બાઈકને અડફેટે લેતા બાઈક પર સવાર ત્રણ વિદ્યાર્થીઓના ઘટનાસ્થળ પર જ મોત નિપજ્યા હતા.

ડાંગ જિલ્લાના વઘઇ તરફથી આવતા બેકાબૂ આઈસર ટેમ્પોએ વાંસદાના ખડકાલા સર્કલ પાસે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. મહારાષ્ટ્ર પાસલ્ગ ધરાવતા આઈસર ટેમ્પોના ચાલક અકસ્માત કરી ફરાર થઇ ગયો હતો બાદ પોલીસે તેની ધરપકડ કરી હતી. આ અકસ્માતમાં યુવાનોને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળેથી જ તેમના પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવકો ડાંગ જિલ્લાના વઘઈના રહેવાસી છે. તેઓ કોલેજ પૂર્ણ કરી પોતાના ગામ પરત ફરી રહ્યા હતા ત્યારે જ ખડકાલા સર્કલ પાસે ટેમ્પો સાથે બાઈક અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણેયના મોત નિપજ્યા છે. મૃતક વિદ્યાર્થીઓ મલિન, દાગડીઆબા અને ધોળી ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

# ભાવનગરમાં મેયરની વરણીને લઈને વિવાદ : જીતુ વાઘાણી સામે આક્ષેપ

(જી.એન.એસ.)ભાવનગર,તા.૧૨

ભાવનગર મહાનગરપાલિકામાં ભાજપે બહુમતી મેળવ્યા બાદ મેયરની વરણી થયા પછી હવે મેયરની વરણીનો વિવાદ વધુ વકર્યો છે. ભાજપના સિનિયર મહિલા અને કોર્પોરેટર વર્ષાબા પરમારને પાર્ટીએ મેયર ના બનાવતા તેમણે અગાઉ જીતુ વાઘાણી સામે આક્ષેપ કર્યા બાદ હવે આજે ભાજપના જ એક સોશિયલ મીડિયાના ગ્રુપમાં રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી વિભાવરી બેન દવે અને જીતુ વાઘાણીનું નામ લખીને પોસ્ટ વહેતી કરતા ખળભળાટ મચી ગયો છે. ત્યારે હવે જોવાનું રહેશે કે વર્ષાબા સામે પક્ષ શિસ્તભંગના પગલાં ભરશે કે કેમ? ભાવનગર મહાનગરપાલિકામાં ભાજપે બહુમતી મેળવ્યા બાદ તાજેતરમાં મેયર તરીકે કીર્તિબેન દાણીધારીયાની વરણી કરતા વિવાદનો મધપૂડો છંછેડાયો છે. ભાવનગરમાં મેયર બનેલા કીર્તિબેન ઉપરાંત અન્ય એક સિનિયર મહિલા નેતા વર્ષાબા પરમારનું નામ પણ મેયર તરીકે ચર્ચામાં હતું, પરંતુ તેમનું નામ રદ્દ કરીને પાર્ટીએ છેલ્લી ઘડીએ કીર્તિબેનનું નામ જાહેર કરતા વર્ષાબાએ તે જ દિવસે પક્ષ સામે બળાપો કાઢીને જીતુ વાઘાણીના ઈશારે તેમને મેયર નથી બનાવ્યા તેવો સનસનીખેજ આક્ષેપ કર્યો હતો. આ ઘટનાના બે દિવસ બાદ આજે ફરી એક વખત વિવાદ વધુ ચરમસીમાએ પહોંચ્યો છે. વર્ષાબાએ આજે ભાજપના એક ગ્રુપમાં જીતુ વાઘાણી ઉપરાંત વિભાવરી દવે દ્વારા પણ તેમને હેરાન કરવામાં આવતા હોવાનો અને તેમના કારણે તેમને મેયરપદ મળ્યું નથી તેવી પોસ્ટ વહેતી કરતા ખળભળાટ મચી ગયો છે.

# બનાસકાંઠાના નેશનલ હાઈ-વે પર અકસ્માત બે ટ્રક ચાલકોનું ઘટના સ્થળે જ મોત



(જી.એન.એસ.)પાલનપુર,તા.૧૨

બનાસકાંઠા જિલ્લામાં આજે નેશનલ હાઈવે ૨૭ પર વધુ એક ગોઝારો અકસ્માત સર્જાયો છે. જેમાં બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા બન્ને ટ્રક ચાલકોના ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યા છે. જેમાં બનાવને પગલે આજુબાજુના લોકો અને થરા પોલીસ અકસ્માત સ્થળે આવી પહોંચી ગયા હતા. અને બન્ને મૃતકોની લાશને પીએમ અર્થે ખસેડી રાહત કામગીરી શરૂ કરી હતી.

કાંકરેજના ઉણ ગામ પાસે નેશનલ હાઈવે પર આજે બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા બન્ને ટ્રક ચાલકોના કરૂણ મોત નિપજ્યા હોવાની ઘટના સામે આવી છે. જેમાં નેશનલ હાઈવે ૨૭ પર ગામ પાસે બે ટ્રક વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે ટ્રકના કેબીનમાં ફુરચે ફુરચા થઈ ગયા હતા અને બન્ને ટ્રકચાલકો કેબિનમાં કચડાઇ જતાં ઘટનાસ્થળે જ કરુણ મોત પામ્યા હતા.

તેમાં ઘટનાની જાણ થતાં જ આજુબાજુના લોકો અને થરા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી. અને બન્ને મૃતકોની લાશને પીએમ માટે રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી. ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી અકસ્માતોની વણઝાર ચાલુ છે.

# ૨૦૧૭ના કરોડોના કૌભાંડમાં પીઆઈ દ્વારા ગંભીર ક્ષતિ રાખી હોવાનો ખુલાસો

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૨

રાજકોટ જીલ્લાના જસદણ ખાતે વર્ષ ૨૦૧૭ માં ગોડાઉનમાંથી રૂા.૧.૨૮ કરોડની ૬૪૦ રૂની ગાંસડીની ચોરીના ગુનાની તપાસમાં ગંભીર બેદરકારી દાખવ્યાનુ ખુલતા રાજ્યના પોલીસ વડા આશિષ ભાટીયાએ ગોંડલ સર્કલ પોલીસ ઈન્સ્પેકટર કે.એન.રામાનુજને ફરજમાંથી મુક્ત કરતાના હુકમથી પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર જસદણ ખાતે શંભુભાઈ જેરામભાઈ વઘાસીયાના ગોડાઉનમાંથી રૂા.૧.૨૮ કરોડની ૬૪૦ રૂની ગાંસડીની ચોરીની તા.૨૫-૧૧-૧૭ ના રોજ જસદણ પોલીસ મથકના ચોપડે ફરીયાદ નોંધવામાં આવી હતી. જે ગુનાની તપાસ PSI કે.એન. રામાનુજ દ્વારા કરવામાં આવી રહી હતી.તપાસ દરમ્યાન હડમતાળાવાળા શેનગસીંગ ભટ્ટી અને ડુંગરસીંગ ભટ્ટી તેમના ઠેકેદારો દ્વારા જસદણ ગોડાઉનમાંથી ટ્રકમાં ગાંસડી ભરવા મોકલેલા હતા. તેણે કોના કહેવાથી મજુરોને મોકલ્યા તેની કોઈ તપાસ કરી નથી. અજીત કોટેક્ષ ગોડાઉનના માલીક ગોકળભાઈની આ ગુનામાં કોઈ સંડોવણી છે કે કેમ તેની તપાસ કરી નથી ગુનાને કામે રૂા.૧૪.૨૦ લાખની કિંમતનો ૭૧ રૂની ગાંસડી અને બે વાહન કબ્જે કર્યા પરંતુ કેસ ડાયરીમાં કોઈ ઉલ્લેખ કરેલ નથી ઘટના સ્થળે મજુરો અને અન્ય ત્રણ લોકો ભાગી ગયેલ છે તે કોણ હતા તેમજ ચોરીમાં સંડોવણી હતી કે કેમ તે અંગે તપાસ થયેલ નથી. ત્રણ ટ્રક સાથે ૪૫૦ રૂની ગાંસડી કબ્જે કરી મુદામાલ પાવતીની નોંધ કેસ ડાયરીમાં કરેલ નથી.

# વડોદરાના સામૂહિક આપઘાત કેસમાં બે જ્યોતિષીઓ રાજસ્થાનથી ઝડપાયા

(જી.એન.એસ.)વડોદરા,તા.૧૨

વડોદરાના સમા વિસ્તારની સ્વાતિ સોસાયટીમાં થયેલા સામૂહિક આપઘાત કેસમાં સમા પોલીસે રાજસ્થાનમાંથી બે જ્યોતિષીને ઝડપી પાડ્યા છે. ૩૩ વર્ષીય સીતારામ ઉર્ફે શૈલેષ ભાર્ગવ અને ૩૧ વર્ષીય ગજેન્દ્ર ભાર્ગવને ગુરૂવારે મોડી રાત્રે કોવિડ રિપોર્ટ માટે સયાજી હોસ્પિટલ લઈ જવાયા હતા. કોવિડનો રિપોર્ટ આવ્યા બાદ બંનેની ધરપકડ થશે. બંને જ્યોતિષી રાજસ્થાનના નાગોરના રહેવાસી છે. વડોદરામાં સોની પરિવારના સામૂહિક આપઘાત કેસમાં પોલીસે વડોદરાના બે સહિત ૯ જ્યોતિષી સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધી હતી. સોની પરિવાર સાથે છેતરપિંડી બાદ એક જ્યોતિષીની મૃત્યુ થયું હતું. ઘરમાં સોનાના દાગીના ભરેલા કળશ દટાયેલા હોવાની લાલચ આપીને વડોદરા-અમદાવાદના ૯ જ્યોતિષીઓએ નરેન્દ્ર સોની પાસેથી રૂ.૩૨.૮૫ લાખ પડાવી લઈ છેતરપિંડી કરી હતી. જીવન ગુજરાન ચલાવવા માટે કોઈ આવકનો સ્ત્રોત ન હોવાથી આઘાતમાં આવી ગયેલા પરિવારના સભ્યોને ઘરના મોભી નરેન્દ્ર સોનીએ આપઘાત કરી લેવા જણાવ્યું હતું. નરેન્દ્ર સોનીએ લાવેલું ઝેર કોલ્ડ્રીંક્સમાં ભેળવી પરિવારે પી લીધું હતું. સામૂહિક આપઘાતમાં દાદા, પૌત્ર અને પુત્રીનુ ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતુ. જ્યારે માતા બાદ પુત્ર ભાવિન સોનીનુ પણ ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ. સામૂહિક આપઘાત મામલે પોલીસે મૃતક ભાવિન સોનીના નિવેદનના આધારે ૯ જ્યોતિષો સામે રૂ. ૩૨ લાખ ઉપરાંતની છેતરપીંડીનો ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી હતી.

# સુરતમાં કોરોનાના નવા સ્ટ્રેનને લઈ તંત્ર સતર્ક, બેદરકારો સામે તંત્રની લાલ આંખ

(જી.એન.એસ.)સુરત,તા.૧૨

સુરત શહેરમાં કોરોનાના નવા સ્ટ્રેનના ભય વચ્ચે પણ લોકો બેફિકર દેખાઈ રહ્યા છે, ત્યાં હવે બીજી તરફ કોરોનાનો આંકડો ૨૦૦ પાર કરી ગયો છે. ગત રોજ સુરતમાં ૨૦૧ કોરોનાનાં કેસ નોંધાયા હતા. હવે મહાનગરપાલિકા દ્વારા પણ લાલ આંખ કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા દંડ વસુલવામાં પણ વધારો કરવામાં આવી રહ્યો છે. હીરા અને ટેક્સટાઈલ માર્કેટમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. સાથે સાથે શાળા, કોલેજ અને ટ્યુશન ક્લાસિસમાં પણ કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે.

કાપડ માર્કેટમાં તો ૧૮ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. ત્રણ ટેક્સટાઈલ માર્કેટમાં જ્યાં કેસ મળી આવ્યા છે ત્યાં તે ફ્લોર બંધ કરી દેવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના તારાપુર, ધૂળિયા અને જલગાંવથી આવેલા પ્રવાસીઓ કોરોના પોઝિટિવ આવ્યા છે. ગુરુવારે સુરત શહેરના અલગ અલગ વિસ્તારમાં ૧૦ વિદ્યાર્થીઓને કોરોનાનો ચેપ લાગ્યો હોવાની માહિતી સામે આવી છે. ૧૦ વિદ્યાર્થી, એક શિક્ષક, એક પ્રોફેસર કોરોના સંક્રમિત થયા હતા. એટલું જ નહીં એક પોલીસ અધિકારી પણ કોરોના સંક્રમિત થયા હોવાથી કોરોન્ટાઈન થઈ ગયા છે, જેથી હવે કોમ્યુનિટી હોલ પણ બૂકિંગ માટે બંધ કરી દેવામાં આવ્યા છે.

આરોગ્ય વિભાગ એનઓસી આપશે તો જ બુકિંગ મળશે. સાથે સાથે કોલેજ, શાળા અને ટ્યુશન ક્લાસિસમાં આવેલી કેન્ટીન બંધ કરી દેવાના આદેશ પણ આપવામાં આવ્યા છે.

# રાજકોટમાં મેયરની ઉજવણીમાં ફટાકડા ફોડતા મનપાના ઈલેક્ટ્રિક ટ્રાન્સફોર્મરમાં આગ

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૨

સામાન્ય રીતે સરકારના નિયમોનો ભૂલથી પણ ભંગ કરનાર પ્રજાજનોએ મોટો દંડ ભરવો પડે છે, પણ જો પક્ષ કોઈ ભૂલ કરે તો તેની સામે ઢાંકપીછોડો કરવામાં આવે છે, આજે રાજકોટમાં નવા મેયરની ઉજવણી પ્રસંગે શહેરમાં ભાજપના કાર્યકરો દ્વારા ફટાકડા ફોડતા મનપાના ઈલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર નીચે લાગી આગ લાગી હતી. ઘટનાને પગલે ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કર્યા શરૂ કર્યા હતા. હજુ સુધી કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ અહીં એ સ્પષ્ટ પણે જોવા મળે છે કે નિયમ માત્ર પ્રજા માટે છે પક્ષ માટે કંઈ નહીં. આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કર્યા શરૂ કર્યા હતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પહેલા ફાયર ફાઈટરની ટીમ દ્વારા પાણીનો સતત મારો ચલાવી આગને કાબૂમાં લેવા પ્રયાસો હાથ ધરાયા હતા. આગના પગલે લોકોમાં કૂતુહલ ઉત્પન્ન થયું હતું અને ઈલેક્ટ્રિક ટ્રાન્સપોર્ટરમાં આગ લાગતા અફરાતફરી પણ મચી ગઈ હતી. ફાયર ફાઈટરો દ્વારા લોકોને પણ આગથી દૂર રહેવા સલાહ આપવામાં આવી હતી. મહાનગરપાલિકા પાસે આવેલા ઈલેક્ટ્રિક ટ્રાન્સપોર્ટર નીચે આગ લાગી હાલ મોટાભાગની આગ કાબૂમાં આવી ચૂકી છે. આગ લાગી તે અંગે મેનેજમેન્ટ દ્વારા કોઈ પણ જાતનો ખુલાસો કરવામાં આવ્યો નથી. પરંતુ એ સ્પષ્ટ પણે જોઈ શકાય છે કે આસપાસ ફટાકડા ફોડવાને કારણે આગ લાગી હતી અને જો ઈલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર નીચે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હોત તો મોટી જાનહાનિ થવાની સંભાવના હતી. જે ફાયર ફાઈટરોના સમયસર આગમનથી ટળી છે.




# ડિલિવરી બોયના સમર્થનમાં આવ્યું ઝોમેટો યુવતી દ્વારા ખોટી ફરિયાદ હોવાનો ખુલાસો

(જી.એન.એસ.)બેંગલુરૂ,તા.૧૨

બેંગલુરૂ શહેરમાં થોડાંક દિવસ પહેલાં ફૂડ ડિલિવરી એપ ઝોમેટોના ડિલિવરી બોયઝની ધરપકડ કરી હતી. કામરાજ નામના આ શખ્સ પર આરોપ હતો કે તેને જમવાનું પહોંચાડવા દરમ્યાન હિતેશા નામની મહિલાને મુક્કો મારી દીધો હતો. હિતેશાએ સોશિયલ મીડિયા પર ઘાયલ સ્થિતિમાં પોતાની વાત મૂકી હતી. તેમનો વીડિયો ખૂબ વાયરલ થયો હતો અને કામરાજની ધરપકડ કરી હતી પરંતુ હવે કેસમાં વળાંક જોવા મળી રહ્યો છે. કામરાજે કહ્યું કે તેમણે મહિલાની સાથે કોઈ દુર્વ્યવહાર કર્યો અને તેમણે જાતે જ પોતાને ઘાયલ કર્યા હતા. હું તેમના ઘરે પહોંચ્યો અને મેં તેમને જમવાનું આપ્યું તો હું આશા કરતો હતો કે તેઓ મને પૈસા આપશે કારણ કે તેમણે કેશ ઓન ડિલિવરી ઓપ્શન પસંદ કર્યો હતો.

મેં તેમની માફી પણ માંગી કારણ કે ટ્રાફિક જામના લીધે ફૂડ ડિલિવરી થોડીક મોડી થઈ હતી. તેઓ સતત મોડા આવવાને લઈ ઝઘડો કરી રહ્યા હતા. તેઓ સતત કહી રહ્યા હતા કે ૪૫-૫૦ મિનિટમાં જમવાનું આવવું જોઈતું હતું અને મેં તેમની આ બાબતે માફી પણ માંગી હતી. ત્યારબાદ હિતેશાએ ખાવાનું લઈ લીધું અને પેમેન્ટ આપવાની ના પાડી દીધી. ઝોમેટોના ચેટ સપોર્ટથી વાત કરી રહી હતી. મેં તેમને પૈસા આપવાનું કહ્યું તો તેમણે મને ગુલામ કહ્યું અને બૂમો પાડતા બોલ્યા આખરે તું શું કરી શકે છે? ત્યારબાદ ઝોમેટો સપોર્ટે મને કહ્યું કે તેમનો ઓર્ડર કેન્સલ કરી દીધો છે.

# સુરતના કોસમાડીમાં કાર પલ્ટી મારી નાળામાં ખાબકતા કારસવાર ત્રણ પૈકી બેના ઘટના સ્થળે મોત



સુરત,તા.૧૩

સુરત જિલ્લાના કોસમાડી ખાતે અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં એક કાર પલટી મારી નાળામાં ખાબકી હતી. જેથી કારમાં સવાર ત્રણ પૈકી બેના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે એકની હાલત ગંભીર છે.અકસ્માત બાદ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતાં. બીજી તરફ પોલીસને સમગ્ર અકસ્માતની જાણ કરવામાં આવતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. કારમાં સવાર બે યુવકોના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. લોકોએ બાદમાં મૃતદેહોને બહાર કાઢવાની સાથે સાથે કારને નાળામાંથી બહાર કાઢવા કોશિષ કરી હતી. કોસમાડી ગામ નજીકથી કાર (GJ-૦૫-JS-૪૨૫૬) પસાર થઈ રહી હતી. કારમાં ત્રણ યુવકો સવાર હતા. દરમિયાન કોસમાડી રોડ પર વળાંકમાં કાર પલટી મારી ગઈ હતી. કારે પલટી માર્યા બાદ નાળામાં ખાબકી હતી. જેના પગલે કારમાં સવાર બે યુવકોના ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એકને ગંભીર ઈજા પહોંચી હતી.

કારના અકસ્માતની જાણ થતા આસપાસથી લોકો દોડી આવ્યા હતા. ત્યારબાદ ત્રણેય યુવકનો કારમાંથી બહાર કાઢ્યા હતા. જેમાં બેનું મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર ઈજાના કારણે એકને સારવાર અર્થે સુરતની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)